।। શ્રીકૃષ્ણાય નમઃ ।। ।। શ્રીવલ્લભાધીશો જયતિ ।। ।। શ્રીગોપીનાથો જયતિ ।। ।। જયતિ શ્રીવિઠ્ઠલેશ્વરઃ ।।

પુષ્ટિસંસ્કાર

સપ્ટેમ્બર – ૨૦૨૬

વર્ષ – ૧૭ । અંક – ૦૬ । સળંગ અંક – ૧૯૮

શ્રાવણ–ભાદરવો–આસો / વિક્રમ સંવત્ ૨૦૮૩



❖ નિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામ ❖ પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન ❖ પુષ્ટિસંસ્કાર પાઠશાલા ❖ પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ❖
❖ પુષ્ટિબાલવાટીકા ❖ પુષ્ટિસંસ્કાર સ્કૂલ ❖ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ ❖ શ્રીવલ્લભગોશાલા ❖ પુષ્ટિસંસ્કાર પરિવાર ❖






❋ પ્રેરક

નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

❋ પથદર્શક

શ્રીયૂષકુમારજી (શ્રીવ્રજેન્દ્રજી) મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

❋ પ્રકાશક

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨૦૦૧. ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦
૯૦૯૯૯૪૩૯૯૦

❋ મુદ્રક

મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

પ્રતિ અંક ₹ ૨૦/-

● પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

પુષ્ટિસંસ્કાર

અનુક્રમણિકા


૦૪	પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ
૦૭	શ્રીમદ્ ભગવદ્ગીતા
૦૯	શ્રીભાગવતાર્થપ્રકરણમ્
૧૨	શ્રીવલ્લભાખ્યાન રસદર્શન
૧૫	પञ્ચપદ્યાનિ
૧૮	પુષ્ટિચિન્તન
૨૦	શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્
૨૨	સર્વનિર્ણયપ્રકરણ
૨૪	ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ
૨૬	બાલવિભાગ
૨૮	પુષ્ટિસંસ્કારધામ
૩૨	પ્રવૃત્તિ સમાચાર
૩૪	વ્રતોત્સવ ટિપ્પણી

તંત્રી/સંપાદક : વિમલભાઈ ભટ્ટ,

પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ

જીવ

સંકલન : ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી



ગતાંકથી આગળ....

जीवस्त्वाराग्रमात्रो हि गन्धवद् व्यतिरेकवान् ।

(જીવ બ્રહ્મનો અંશ છે અને) વ્રીહિના આગળના ભાગ જેવો એટલે કે અણુ પરિમાણ છે. જેમ ગંધ પોતાના સ્થાનથી અધિક પ્રસરે છે તે રીતે અણુ હોવા છતાં જીવની ચેતના સર્વદેહવ્યાપી બને છે.

જીવનું સ્વરૂપ સમજાવતા ભગવાન્ આજ્ઞા કરે છે

'ममैवांशो जीवलोके जीवभूतः सनातन'

(શ્રીમદ્ભગવદ્ગીતા -૧૫/૭)

અર્થઃ આ લોકમાં સનાતન જીવરૂપ મારો જ અંશ છે.

તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ અને જીવનો સમ્બન્ધ અંશાંશીભાવસમ્બન્ધ છે એટલે કે 'ભગવાન્ શ્રીકૃષ્ણ જીવમાત્રના અંશી છે અને જીવમાત્ર પ્રભુના અંશ છે.'

શાસ્ત્રમાં કહ્યું છે 'यो यदंशः स तं भजेत्' એટલે કે 'જે જેનો અંશ હોય તે તેનું ભજન કરે' તેથી પોતાના અંશી, પોતાના સ્વામી એવા ભગવાન્ શ્રીકૃષ્ણને શરણે રહેવું તથા ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા કરવી તે જીવનું પરમ કર્તવ્ય છે.

પંચપર્વા અવિદ્યા

શુદ્ધ આત્મા પ્રભુનો અંશ છે પરન્તુ રમત માટે જીવમાં પણ આવશ્યક વિવિધતાને પ્રકટ કરવા માટે પ્રભુની જ અવિદ્યા શક્તિ દ્વારા જીવ પોતાના વાસ્તવિક સ્વરૂપને ભૂલી જાય છે અને પોતાના સંગમાં આવતા જડ તત્ત્વોને પોતાનું સ્વરૂપ માની લે છે. આ રીતે જીવને જ પ્રભાવિત કરતી અવિદ્યાના 'પાંચ પર્વ' એટલે કે પાંચ અવયવ (ભાગ) છે તેથી તેને પંચપર્વા અવિદ્યા કહેવામાં આવે છે. તે પંચપર્વા અવિદ્યા આ પ્રમાણે છે -

(૧) અન્તઃકરણાધ્યાસ : ચિત્ત, અહંકાર, મન અને બુદ્ધિ ના સમુદાયને અન્તઃકરણ કહેવામાં આવે છે. આ જડતત્ત્વ છે, છતાં પણ અન્તઃકરણનો સમ્બન્ધ જીવને થતા તે પોતાને અન્તઃકરણ રૂપ સમજવા લાગે છે આને અન્તઃકરણાધ્યાસ કહેવાય છે (અધ્યાસ એટલે ભ્રમ). 'હું વિચારું છું, હું જ્ઞાની છું, હું કર્તા છું, હું ભોકતા છું' વગેરે માન્યતાઓ અન્તઃકરણાધ્યાસને કારણે થાય છે.

(૨) પ્રાણાધ્યાસ : પાંચ પ્રાણ છે; પ્રાણ-અપાન-વ્યાન-ઉદાન સમાન. આ પંચપ્રાણ શ્વાસોચ્છવાસ, ચયાપચય વગેરે વિવિધ

ક્રિયાઓને
સમ્પન્ન કરે છે. તે સમ્બન્ધમાં પોતે હોવાનો ભ્રમ પ્રાણાધ્યાસ કહેવાય છે.

(૩) ઇન્દ્રિયાધ્યાસ : પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયથી પોતાની ઓળખનો અનુભવ ઇન્દ્રિયાધ્યાસને કારણે થાય છે. 'હું જોઉં છું, હું સાંભળું છું' વગેરે અનુભવો ઇન્દ્રિયાધ્યાસને કારણે થાય છે.

(૪) દેહાધ્યાસ : પંચમહાભૂતના બનેલા શરીરને પોતાની ઓળખ માનવી તે દેહાધ્યાસ કહેવાય છે. તેથી 'હું જાડો છું, હું લાંબો છું' જેવા અનુભવો દેહાધ્યાસને કારણે થાય છે.

(૫) સ્વરૂપવિસ્મૃતિ : આ ચાર પ્રકારના અધ્યાસો જેટલા વધારે થાય છે તેટલું જીવને પોતાનું 'પ્રભુના ચિદંશ રૂપ આત્મા' હોવાનું સ્વરૂપ ભૂલાતું જાય છે, આને સ્વરૂપવિસ્મૃતિ કહેવાય છે.

સંસાર

અવિદ્યાથી ગ્રસ્ત થયેલો જીવ; જગત્ના પણ વાસ્તવિક સ્વરૂપને જાણી શકતો નથી અને ભગવાને પોતાની ક્રીડા માટે રચેલા બ્રહ્માત્મક જગત્
માં અહંતા અને મમતા નો ભ્રમ કેળવી લે છે. તેથી તેને જગત્ના વાસ્તવિક બ્રહ્માત્મક સ્વરૂપનું જ્ઞાન નથી થતું. જેમ લીલા ચશ્મા પહેરવાથી બધી વસ્તુઓ લીલી દેખાવા લાગે તે રીતે અવિદ્યાની ઉપાધિથી ગ્રસ્ત જીવને જગત્ નશ્વર, વિકારવાન્ અને અહંતામમતાત્મક હોવાનો આભાસ થાય છે. બ્રહ્માત્મક જગત્માં જીવને થતા આ અન્યથા જ્ઞાનને 'સંસાર' કહેવાય છે. શ્રીવલ્લભના તત્ત્વદર્શનની સ્પષ્ટ સમજ માટે 'જગત્' અને 'સંસાર' ના ભેદને સમજવો અત્યન્ત આવશ્યક છે.

પંચમહાભૂતથી બનેલું જગત્ (=પ્રપંચ) બ્રહ્માત્મક છે પરન્તુ અહંતામમતાત્મક સંસાર માયિક છે. જેમ લીલા ચશ્મા પહેરવાથી વસ્તુઓ લીલી દેખાય છે અને જ્યારે ચશ્મા ઉતારવામાં આવે છે ત્યારે તે વસ્તુ અદૃશ્ય થતી નથી પરન્તુ તે વસ્તુઓમાં જણાતો લીલો રંગ અદૃશ્ય થાય છે. તે જ રીતે અવિદ્યા રૂપી ઉપાધિનો નાશ થઇને જીવને બ્રહ્મજ્ઞાન થાય છે ત્યારે અવિદ્યાથી અનુભવાતો સંસાર નષ્ટ થાય છે પરન્તુ બ્રહ્માત્મક જગત્નો નાશ
થતો નથી. આ રીતે આપણે જગત્ અને સંસારના ભેદને સમજી શકીએ છીએ.

જીવના પ્રભેદ – પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા

પ્રભુએ આ સૃષ્ટિ રમણ માટે કરી છે. બધું જ પોતે હોવા છતાં રમણ માટે ઉચ્ચ-નીચના ભેદ પ્રકટ કર્યા છે. વિવિધતા વિના રમતમાં આનન્દ ન આવે તેથી પોતાના અંશ રૂપ જીવોને પણ પ્રભુએ અલગ અલગ સ્વભાવના બનાવ્યા છે.

મુખ્યત્વે જીવના ત્રણ પ્રભેદ છે – (૧) પુષ્ટિ જીવ (૨) મર્યાદા જીવ (૩) પ્રવાહી જીવ. આ ત્રણમાંથી પુષ્ટિજીવ અને મર્યાદા જીવ સૃષ્ટિલીલામાં યથા અધિકાર મુક્ત થવાની યોગ્યતાવાળા જીવ છે. જ્યારે પ્રવાહી જીવોનું જન્મ મરણનું ચક્ર જ્યાં સુધી સૃષ્ટિલીલા છે ત્યાર સુધી ચાલતું રહે છે.

પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવોની ભિન્નતા શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં બતાવી છે –

(૧) પુષ્ટિં કાયેન નિશ્ચયઃ = જે જીવોનું નિયમન પ્રભુ સ્વરૂપથી કરે છે તે જીવો

પુષ્ટિજીવો છે. પુષ્ટિજીવનું સર્જન પ્રભુએ પોતાના રૂપની સેવા
માટે કર્યું છે.

(૨) વચસાં વેદમાર્ગં હિ = જે જીવોનો ઉદ્ધાર ભગવદ્વાણી રૂપ શાસ્ત્રો દ્વારા થાય છે તે મર્યાદાજીવ છે.

(૩) ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ = જે જીવો ભગવાન્‌ની માત્ર સૃષ્ટિ કરવાની ઇચ્છાથી જ સર્જન પામ્યા છે તે પ્રવાહીજીવ સૃષ્ટિ છે.

ચર્ષણી જીવ

કેટલાક જીવો એવા હોય છે કે જેમની નિષ્ઠા કોઇ એક માર્ગ પર ચાલવામાં હોતી નથી. તે અલગ અલગ માર્ગો પર સતત ભટકતા રહે છે તેને ચર્ષણી જીવ કહેવાય છે. ચર્ષણી જીવનું લક્ષણ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે –

ચર્ષણી શબ્દ વાચ્યાસ્તે તે સર્વે સર્વવર્ત્મસુ ।
ક્ષણાત્ સર્વત્વમાયાન્તિ રૂચિસ્તેષાં ન કુત્રચિત્ ।।

ભાવાર્થઃ ચર્ષણી એ પ્રકારના જીવો છે જે બધા જ માર્ગોમાં આવતા જતા રહે છે. તેમની રૂચિ ક્યાંય પણ હોતી નથી.

અમે તો બધાને માનીએ એવા ભ્રમમાં જીવનારા અને બધા જ ધર્મો અને ઉપાસનાઓની મનઃકલ્પિત ભેળસેળ કરનારા આ પ્રકારના જીવો બધે જ જોવા મળે છે. આવા જીવોને કોઇ એક માર્ગ પર અનન્ય નિષ્ઠાપૂર્વક ચાલવાથી મળતું ઉત્તમ ફળ પ્રાપ્ત થતું નથી. તે પોતાનું જીવન આમ તેમ ભટકવામાં જ વ્યતીત કરી દેતા હોય છે અને જે તે કર્મને અનુસાર ખંડશઃ ફલ પ્રાપ્ત કરતા હોય છે.

આ રીતે પ્રભુની લીલા માટેના 'વિવિધતાથી પરિપૂર્ણ જગત્ રૂપી મંચ' પર 'વિવિધ સ્વભાવના જીવાત્માઓ' ને કારણે લીલામાં પણ વિવિધતા અને વિલક્ષણતા પ્રકટ થાય છે.



શ્રીમદ્‌ભગવદ્‌ગીતા
અધ્યાય ૧૮

વિવેચનઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ।।४३।।

શૌર્ય, તેજ, ધૈર્ય, ચાતુર્ય તથા યુદ્ધમાં પાછા ન હઠવું તે, દાન અને ઐશ્વર્ય એ ક્ષત્રિયનાં સ્વભાવથી થયેલાં કર્મ છે. ૪૩.

कृषिगौरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ।।४४।।

ખેતી, ગોરક્ષા અને વેપાર એ સ્વભાવથી થયેલાં વૈશ્યનાં કર્મ છે, અને પરિચર્યારૂપ શૂદ્રનું પણ સ્વભાવથી થયેલું કર્મ છે. ૪૪.

વ્યાજના ધંધાનો વેપારમાં સમાવેશ થતો હોવાથી તે જુદો કહેલ નથી. શૂદ્રોએ પરિચર્યા(સેવા) કરવાની કહી, તે પહેલા ત્રણ વર્ણોની સેવા સમજવી. એવી સેવા જો ભગવાનની કરવામાં આવે, તો તે વર્ણોને ઉત્તમ ફલ આપનારી થાય છે. ૪૪.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ।।४५।।

પોત પોતાના કર્મમાં આનંદ માનનાર પુરૂષ સંસિદ્ધિ પ્રાપ્ત કરે છે. પોતાનાં કર્મમાં આનંદ માનનાર કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સાંભળ. ૪૫

એ પ્રમાણે સર્વ વર્ણનાં સ્વાભાવિક કર્મો કહી તેનું પ્રયોજન કહે છે. પોતપોતાનાં કર્મમાં આનંદ માનનારને સંસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી પરધર્મનું આચરણ યોગ્ય નથી. સ્વધર્મમાં આનંદ માનનાર કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સાંભળ.૪૫.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।।४६।।

જેમાંથી ભૂતોની ઉત્પત્તિ થઈ છે અને જેણે આ સર્વ વ્યાપેલું છે તેનું પોતાનાં કર્મથી અર્ચન કરી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. ૪૬.

ભગવાનનાં સ્વરૂપ અક્ષરબ્રહ્મમાંથી આ સર્વ ભૂતોની ઉત્પત્તિ થયેલી છે અને તે આ સર્વને વ્યાપીને રહેલું છે. તે અક્ષરબ્રહ્મનું પોતાનાં કર્મથી અર્ચન કરી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. ૪૬.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ।।४७।।

સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વભાવથી નિયત કર્મ કરતાં (માણસ) પાપ પામતો નથી.૪૭.

સ્વધર્મનું આચરણ શ્રેષ્ઠ છે એમ દૃઢ કરે છે. પરધર્મ ગમે તેવી સારી રીતે આચરવામાં આવે તે કરતાં સ્વધર્મ હલકો હોય તો પણ વધારે સારો છે. બ્રાહ્મણ ક્ષત્રિય વગેરેના સ્વભાવ પ્રમાણે જે કર્મોના વિભાગ કરેલા છે તે પ્રમાણે સ્વભાવથી નિયત થયેલું પોતાનું કર્મ કરવાથી પાપ થતું નથી, પરંતુ પોતાનું કર્મ નહિ કરવાથી પાપ થાય છે. કર્મનિષ્ઠા જ ઉત્તમ છે એવો તૃતીય અધ્યાયમાં બોધ કરેલો, તેનો અહિં પુનઃ ઉપદેશ વ્યાખ્યાનપૂર્વક કરેલો છે.

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ।।४८।।

હે કૌન્તેય ! દોષવાળાં પણ સહજ કર્મનો ત્યાગ ન કરવો, કારણ કે ધૂમથી અગ્નિની પેઠે સર્વ આરંભો દોષથી વીંટાયેલા છે. ૪૮.

સાંખ્યદૃષ્ટિથી તારા ક્ષત્રિય ધર્મમાં હિંસારૂપ દોષ માનતો હો તો પણ દોષવાળું પણ સહજ કર્મ તજવું યોગ્ય નથી, કારણ કે પરધર્મમાં પણ દોષ તો છે જ. સર્વ ધર્મો દોષથી વીંટાયેલા છે. તેથી સ્વાભાવિક અથવા સહજ કર્મ જે ભગવાને વર્ણાશ્રમ સાથે જ સર્જેલું છે તે કરવું જ યોગ્ય છે. જ્ઞાનીઓએ પણ લોકસંગ્રહ માટે કર્મ કરવું એજ ઉચિત છે.

અથવા 'દોષ' શબ્દનો અર્થ દુઃખ કરીએ. સર્વ જ્ઞાન અથવા કર્મના આરંભો દુઃખવાળા છે. આરંભ દુઃખથી જ ભરેલા છે. જેમ અગ્નિ આરંભમાં ધૂમથી વીંટાયેલો હોય છે તેમ સર્વ કર્મના આરંભો દુઃખવાળા હોય છે, પરંતુ પાછળથી અગ્નિ ધૂમરહિત પ્રકાશમાન થાય છે તેમ દુઃખમય પણ સ્વધર્મ અંતે સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. ૪૮.

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां सन्न्यासेनाधिगच्छति ।।४९।।

સર્વત્ર આસક્તિરહિત બુદ્ધિવાળો, મનને જીતનાર તથા સ્પૃહારહિત (માણસ) સંન્યાસથી પરમ નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત કરે છે. ૪૯.

પૂર્વે કહેલા સાંખ્ય તથા યોગના એકાર્થનું પુનઃ સ્મરણ કરાવે છે. જેની બુદ્ધિ એટલે ચિત્ત કોઇ સ્થળે આસક્ત થતું નથી, જેણે મનને જીતેલું છે અને જેને કોઇ કર્મનાં ફલની સ્પૃહા નથી તેવો પુરૂષ સંન્યાસથી નૈષ્કર્મ્યરૂપ પરમસિદ્ધિ પ્રાપ્ત કરે છે. અહિં અનાસક્તિ કહી તે સાંખ્યનો અર્થ છે. તથા મનની જીત તથા સ્પૃહાનો અભાવ કહ્યો તે યોગના સારરૂપ છે. ૪૯.

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ।।५०।।

હે કૌન્તેય ! સિદ્ધિને પામેલો જેવી રીતે બ્રહ્મ પ્રાપ્ત કર છે તે (રીત) મારી પાસેથી સંક્ષેપથી જ જાણ, જે (બ્રહ્મપ્રાપ્તિ) જ્ઞાનની પરા નિષ્ઠા છે. ૫૦.

નૈષ્કર્મ્ય રૂપ સિદ્ધિ જેણે પ્રાપ્ત કરેલી હોય તે જીવતાં જ અક્ષરબ્રહ્મને કેવી રીતે પ્રાપ્ત કરે છે તે સંક્ષેપથી કહું છું તે જાણી લે. અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ એ જ્ઞાનની પરા નિષ્ઠા છે. ૫૦. **(ક્રમશઃ)**

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત
તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત

શ્રીભાગવતાર્થપ્રકરણમ્

સ્કન્ધ પાંચમો : સ્થાન

અનુવાદકઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

સંસારમાં વૈરાગ્યવાળો પણ સ્મરણ કીર્તન વગેરે કરે ત્યારે તેમનો રસ તેને અવશ્ય લાગે જ, અને તેમ થાય ત્યારે યોગ રસરહિત છે એમ જાણી તેની તે દરકાર ન કરે - એવી શંકા થાય; તો જાણવું કે ભગવાને મર્યાદામાર્ગમાં કર્મ વગેરે સમ્પૂર્ણ રીતે બલવાન હોવાનું વિચારેલું છે. જેમ બાલકને સ્ત્રીનો સ્પર્શ થાય તો પણ તેને શૃંગારરસનો અનુભવ થતો નથી, તેવી રીતે મર્યાદામાર્ગીય ભક્તિથી જેટલા (રસ) થી જ્ઞાન અને વૈરાગ્યનો અનુભવ થાય, તેટલો જ ભક્તિરસનો અનુભવ થાય છે, વધારે ભક્તિરસનો અનુભવ થતો નથી. જો વધારે ભક્તિરસનો અનુભવ થાય તો તેનો અનુભવ કરનારથી ભોગ થઇ શકે નહિ, અને તેથી મર્યાદાનો જ નાશ થાય. તેથી મર્યાદામાર્ગમાં કર્મ વગેરે જ સર્વથી બલવાન હોવાનું ભગવાને વિચારેલું છે. ભગવાને તે માર્ગ જ એવો કરેલો છે કે કર્મનું ઉલ્લંઘન ન થાય તો ફલ પ્રાપ્ત થાય. છતાં તેથી ભક્તિશાસ્ત્રનો વિરોધ થતો નથી. કારણ કે પુષ્ટિમાર્ગીય ભક્તિ કર્મોને ફલ આપતાં અટકાવી દે છે. ભક્તિનું સ્વરૂપ તો સદા કર્મોને અટકાવી દેનારું જ છે. પરન્તુ ભગવાન્ જેના સમ્બન્ધમાં મર્યાદા સચવાય તેમ વિચારે છે તેના સમ્બન્ધમાં ભક્તિ જો પોતાની શક્તિ પ્રકટ કરે, તો મર્યાદાનો નાશ જ થાય. તેથી ભગવાનની ઇચ્છાથી જ પોતાની શક્તિ પ્રકટ કરતાં અટકી જઇ, ભક્તિ તેને અધિક રસનું દાન કરતી નથી. અગ્નિ રાખથી ઢંકાયેલો હોય ત્યારે દઝાડતો ન હોવાથી, દઝાડવાની શક્તિ તેનામાં નથી એમ ન મનાય. તેથી મર્યાદામાર્ગમાં કર્મ બલવાન હોવાથી ભક્તિશાસ્ત્રનો વિરોધ થતો નથી.

પુષ્ટિમાર્ગમાં ભક્તિ; કર્મોને ફલ આપતાં અટકાવી દે છે એમ આગળ પુષ્ટિનું નિરૂપણ કરનારા છઠ્ઠા સ્કન્ધમાં કહેશે. અજામલિને તેનાં દુષ્ટ કર્મોનાં ફલ આપતાં, ભક્તિએ કર્મને રોકી દીધાં એમ કહેશે. વળી નારદે હર્યશ્વોને ઉપદેશ આપ્યો (૬।૫।૭-૯) આ ઉપદેશનું વ્યાખ્યાન હર્યશ્વોએ પોતે પોતાની મેળે કરેલું છે (જુઓ ૬।૫।૧૧-૨૦) તેમાં સારાં કર્મો પણ ઉત્તમ ફલ આપી શકતાં નથી એમ જણાવેલું છે. વળી ભક્તિ મોક્ષ પ્રાપ્ત કરાવે છે એમ વૃત્રના પ્રસંગમાં દર્શાવેલું છે. ચિત્રકેતુને સતી પાર્વતીનો શાપ થવાથી વૃત્ર આસુર યોનિમાં જન્મ્યો (૬।૧૮।૩૮). પહેલાં તે ભક્ત હતો, તેથી આવું

આસુરનું અયોગ્ય શરીર પ્રાપ્ત થવા છતાં પણ તેને ભગવાનની પ્રાપ્તિ થઇ (૬।૧૨।૩૫). ચાલુ પ્રસંગમાં ભરતને તેથી ઉલટું થયું. તેને બ્રાહ્મણનો ઉત્તમ દેહ પ્રાપ્ત થયેલો (અ.૯।૨) છતાં ભક્તિથી તેને માત્ર જ્ઞાનની જ પ્રાપ્તિ થઇ. સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ કરવા માટે યોગ્ય દેહ પ્રાપ્ત થયેલ હોવા છતાં મર્યાદામાર્ગમાં તે હોવાથી તેને ભક્તિથી મનની સ્થિરતા જ પ્રાપ્ત થઇ. તેથી મર્યાદામાર્ગમાં ભગવત્પ્રાપ્તિ માટે યોગ્ય દેહ પ્રાપ્ત થયો હોય તો *કાલ વગેરે તે ફલ પ્રાપ્ત થવામાં વિઘ્ન કરે છે એમ સ્પષ્ટ કહેલું છે. ભરતને વેદનું અધ્યયન પિતાએ કરાવવા પ્રયાસ કરેલ તે, તથા વૃષલના હાથથી તેનું મૃત્યુ થતું હતું તે, વગેરે તેની ભક્તિને લીધે બંધ રહેલ. તેથી મર્યાદામાર્ગમાં પણ સમ્પૂર્ણ રીતે મુક્ત કરાવનારી ભગવાનની ભક્તિ છે. તેથી જ જેને લીધે ક્યાંયથી ભય થતો નથી, તેવા ભગવાનના ચરણકમલને શરણે આવેલાનું સાક્ષાત્ ભગવાન્ પોતે જ રક્ષણ કરે છે. (અ.૯।૨૦) એમ કહેલું છે. એવી રીતે સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોથી ભરતની સ્વરૂપમાં સ્થિતિ થયાનું કહેલું છે (।।૭૦-૭૨।।)

(* નિર્ણયસાગરવાળી પ્રતનો 'કાલદેઃ' પાઠ લીધો છે અને (અ.૯।૧૭) ના 'ભગવત્કલાવીરકુલં' શબ્દમાં કહેલી 'કલા' અહીં ૭૧ મી કારિકામાં જણાવેલી છે એમ કહેલ છે પરન્તુ વૃષલ ઘાત કરી શક્યો નથી, તેથી આ યોગ્ય લાગતું નથી. કાલ મર્યાદામાર્ગમાં વિઘ્ન કરે છે પુષ્ટિમાં કરતો નથી, તેથી તે પાઠ લીધેલ છે)

અધ્યાય ૧૦; રહૂગણે ભરતને કરેલ નમન અને પ્રશ્નઃ

ભરતે રહૂગણને જે *ઉપદેશ કર્યો (અ.૧૧।૧૨-૧૩) તે ભરતની સ્વરૂપમાં સ્થિતિ કરાવનારો ન હોવાથી આ પ્રકરણમાં તેની સંગતિ થતી નથી -એવી શંકા થાય

(* આવરણભંગઃ ઋષભે કરેલ (અ.૫.)નો ઉપદેશ આ હોવાનું કહે છે પરન્તુ તે ઉપદેશ આ પ્રકરણમાં ન હોવાથી તે યોગ્ય લાગતું નથી)

સમાધાન : તો જાણવું કે ભરતને જ્ઞાન ન હોવાથી તેને ત્રણ જન્મો લેવા પડ્યા, એવી શંકા ન રહે તે માટે આ ઉપદેશનો આ પ્રકરણમાં સમાવેશ કરેલો છે.

ત્યારે પછી ''જ્ઞાની સંસારમાં પાછો આવતો નથી'' એ શ્રુતિ પ્રમાણે બ્રાહ્મણના જન્મમાં ભરતને થયું હશે (કારણ કે પહેલાના જન્મમાં તેનો મોક્ષ થવાથી હરણનો અથવા બ્રાહ્મણનો જન્મ જ ન થાય) - એવી શંકા થાય,

સમાધાન : તો તે ખોટી છે. આ જ્ઞાન તો તેને રાજા ભરતના જન્મમાં જ થયેલું કારણ કે ગુરૂએ તથા રાજાએ પોતાના શિષ્યો, પુત્રો તથા પ્રજાને જ્ઞાન આપવું જોઇએ (અ.૫।૧૫), એમ ઋષભદેવે કહેલ હોવાથી તેમણે જ્યારે પોતાના પુત્રોને આ જ્ઞાન આપ્યું (અ.૪।૧૯), ત્યારે તેમનો પુત્ર ભરત પણ ત્યાં હોવો જ જોઇએ, અને તેને પણ તેમણે જ્ઞાન આપેલું. વળી બીજા જન્મમાં તે હરણ થયો, ત્યારે પશ્ચાત્તાપ કરતાં ''આત્મજ્ઞાનવાળાએ મેં મનને સ્થિર કરેલું...''(અ.૮।૨૯) એમ તેણે પોતાના પહેલાના જન્મનું વર્ણન કરતા કહેલું છે વળી ''આચાર્યવાળો પુરૂષ હોય તેને જ્ઞાન થાય છે'' એમ શ્રુતિ કહે છે અને તેને બીજા કોઇએ જ્ઞાનનો ઉપદેશ કરેલ હોવાનું કહેલું નથી, વળી પછી ''જ્ઞાની સંસારમાં પાછો આવતો નથી'' એ શ્રુતિનો પણ (આમ માનવામાં) વિરોધ થતો નથી. કારણ કે બ્રહ્મ જાણનારે પણ પ્રારબ્ધ કર્મનાં

ફલનો ભોગ કરવાનો હોય છે એ કબુલ રાખેલું હોવાથી, તે શ્રુતિ જેને-જેને તેવો ભોગ કરવાનો ન હોય તેમના સમ્બન્ધમાં કહેલી છે. (ભરત પ્રારબ્ધ કરેલાં કર્મનાં ફલ ભોગવતો હતો) તેથી જ તેણે રહૂગણને ઉપદેશ આપ્યો. તેમ ન હોત, તો ''એ પ્રમાણે બહુ સમ્બન્ધરહિત બોલતા, અભિમાનવાળા, મદથી ભક્તનું અપમાન કરતા, પોતાને પંડિત માનતા'' (અ.૧૦।૮) તેને ઉપદેશ મેળવવાના અધિકાર વિનાનો જાણી જેમ તે બીજા સાથે બોલતો ન હતો, તેમ તેની સાથે પણ બોલત નહિ. છતાં તેનામાં શ્રદ્ધારૂપ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર હતો (ગદ્ય ૧૫) અને તેને માટે તે પ્રયત્ન કરતો હતો (ગદ્ય ૧૯) તેથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તે યોગ્ય છે એમ માની તેને ઉપદેશ કર્યો. જો ભરતે તેની અવગણના કરી હોત, તો તેણે ભરતનો અપરાધ કરેલો હોવાથી વૃષલો (શૂદ્રો)ની પેઠે તેનો નાશ થાત. તે ભગવાનને સન્મુખ હોવાથી તેનો નાશ થાય તે યોગ્ય ન હતું. તેણે પોતાના રજોગુણવાળા સ્વભાવને લીધે ભરતનો અપરાધ કરેલો, તેથી તેનો તેવો સ્વભાવ દૂર કરવા ભરતે પહેલાં વચનો (ગદ્ય ૯-૧૩) તેને કહ્યાં. ત્યારે પછી તેવો દોષ દૂર થતાં તેણે ભરત (બ્રાહ્મણ)ને નમન કર્યું અને પ્રશ્ન કર્યા (અ.૧૦।૧૫-૧૬ વગેરે), એ આ દશમા અધ્યાયનો અર્થ છે (૭૩)

શિષ્ય ગુરૂને જે પ્રકારે નમન અને પ્રશ્ન કરે તે પ્રકારે રહૂગણે ભરતને નમન અને પ્રશ્ન કરેલા છે કારણ કે તેવી રીતે નમન અને પ્રશ્ન કર્યા ન હોય, અને (ભરત ગુરૂના પ્રકારથી નહિ પણ) ઉદાસીનતાથી બોધ આપે તો રહૂગણને જ્ઞાન ન થાય. ભરતે ઋષભદેવ પાસેથી; જેમ શિષ્ય ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરે તેવી રીતે, તે રાજા હતો ત્યારે જ્ઞાન પ્રાપ્ત કરેલું તેનો અહીં ઉપદેશ કરે છે તેથી આ પ્રમાણરહિત નથી.

રહૂગણને સંસારમાં વૈરાગ્ય થયો ન હતો અને તેણે સંન્યાસ લીધો ન હતો. તેથી તેને સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર ન હોવાથી ભરતે તેને યોગશાસ્ત્ર પ્રમાણે જ્ઞાનનો ઉપદેશ કર્યો, તે આ અગીયારમાં અધ્યાયમાં કહેલ છે.

ભરતને પણ ઋષભદેવે આ જ જ્ઞાનનો ઉપદેશ કરેલો. તેથી જ રાજા હતો ત્યારે તેણે જ્ઞાન પ્રાપ્ત કરેલું તેનો ઉપદેશ કર્યો એમ કહેલું છે. આ રહૂગણ પણ રાજા હતો. તેથી ભરતે પોતે જ તેને જ્ઞાનનો ઉપદેશ કર્યો, જો તેમ ન હોત (અને રહૂગણ સાંખ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવાના અધિકારવાળો હોત) તો ભગવાન્ કપિલ પાસે જ્ઞાન પ્રાપ્ત પ્રશ્ન કરવા જતા રહૂગણ (હં ૧૦।૧૯) તેણે તેમની પાસે જ મોકલવો યોગ્ય હોવાથી પોતે ઉપદેશ આપ્યો તે અયોગ્ય થાત, વળી પોતાને તેને તે યોગનો ઉપદેશ આપવાનો અધિકાર હોવાથી, ઉપદેશ માટે કપિલ પાસે જવાનો રહૂગણનો શ્રમ પણ નકામો થાય, તે પણ યોગ્ય ન હતું. તેથી ભગવાનની ઇચ્છાથી જ તેણે તેને યોગનો ઉપદેશ કર્યો અને તે જ અધ્યાયમાં યોગનાં સાધન તરીકે મનને વશ રાખવા જણાવ્યું. (૭૪) **(ક્રમશઃ)**

શ્રીવલ્લભાખ્યાન રસદર્શન

વલ્લભાખ્યાન – ૯

સંકલન : વિમલ ભટ્ટ



ગતાંકથી આગળ...

આગળ શ્રીઘનશ્યામજીનું સ્વરૂપ વર્ણન કરતા ગોપાલદાસજી બતાવી રહ્યા છે કે....

શ્રીઘનશ્યામજી સીંચે સુધા જીવન સકલ બ્રહ્માંડ રે રસના।।
નાહ તે 'શ્રીકૃષ્ણાવતી' તણાં લીલા નિત્ય અખંડ રે રસના।।૧૧।।

શ્રીઘનશ્યામજી શ્રીગુસાંઇજીના સાતમાં પુત્ર. **શ્રી**સ્વામીનીજીથી યુક્ત એવા. **ઘનશ્યામ** શ્રીઠાકુરજી. **જીવન.** તેનાથી પ્રેમ લક્ષણ વિશિષ્ટત્વ સૂચિત થાય છે. આનો અર્થ એ છે કે, શ્રીસ્વામીનીજી સહિત શ્રીઠાકુરજી જ જેમનું જીવન છે; એવા સાતમા પુત્ર. આ તો અવતારનો સમય ચાલી રહ્યો છે, ત્યારે ત્યાં પ્રભુ સેવ્ય અને આપ સેવક છે. તેથી જ શ્રીઠાકોરજી જેમનું જીવન છે એવા શ્રીઘનશ્યામજી એમ બતાવ્યું . પરંતુ વસ્તુતઃ તો આપ બંને એક જ છે, તેનું વર્ણન આગળ કરી રહ્યા છે. **શ્રી**સ્વામીનીજીથી યુક્ત એવા. **ઘનશ્યામ** પ્રભુ. અને જી- એટલે કે ભક્તોને જીવનદાન આપનારા. એ પુરૂષોત્તમ. આ રીતે અહીં ઘનશ્યામજીનું પુરૂષોત્તમત્વ સૂચિત થઇ રહ્યું છે. આગળ કહી રહ્યા છે... **સીંચે સુધા. સુધા**-અમૃત, મોક્ષ. તેનું દાન કરવાવાળા. અહીં મોક્ષ વાચક અમૃત શબ્દને છોડી તેના પર્યાય સ્ત્રીલિંગ; સુધા શબ્દ કહેવાનું તાત્પર્ય પુષ્ટિમોક્ષનું દાન કરે છે એવું સૂચિત થઇ રહ્યું છે. કારણ કે પુષ્ટિમોક્ષ સ્ત્રીભાવ પ્રધાન છે. તેથી જ દાનવાચક સિંચન શબ્દ કહ્યો. આ પ્રકારે પુષ્ટિમોક્ષનું રસરૂપત્વ સૂચન કર્યું. આપનું નામ શ્રીઘનશ્યામજી છે તેના દ્વારા ધર્મ સૂચન કરી રહ્યા છે. (ઘનશ્યામજીના નામનો અર્થ છે, ઘન એટલે મેઘ. તેમના જેવા શ્યામ. મેઘ જ્યારે વરસવા માટે જલ ભરીને લાવે છે ત્યારે અત્યંત શ્યામ હોય છે. એટલે જ વૃષ્ટિ કરે છે. અહીં ઘનશ્યામજી પણ ભક્ત ઉપર કૃપા કરી અને વરસવા માટે તત્પર છે એ સૂચન કરવા શ્રીઘનશ્યામ નામને ધારણ કરે છે.) અથવા સુધાનો અર્થ ભાષ્ય. સુબોધિની વગેરે ગ્રંથો દ્વારા ઉપદેશ રૂપ સુધાનું દાન કરનાર છે. આ રીતે અવતાર સામયિક ચરિત્રબોધક વિશેષણ કહી પુરૂષોત્તમત્વ સૂચક વિશેષણ કહી રહ્યા છે, **જીવનસકલ બ્રહ્માંડ. સકલ બ્રહ્માંડ** જે અનંત કોટી બ્રહ્માંડ. તેમના **જીવન**-જીવાડનાર. આ પુરૂષોત્તમનો ધર્મ છે. ફરી પાછું અવતાર સામયિક વિશેષણ કહી રહ્યા છે... **નાહ તે શ્રીકૃષ્ણાવતી તણા.** શ્રીકૃષ્ણાવતી વહુજીના પતિ. તે વેદ વગેરેમાં પ્રસિદ્ધ છે. ફરી પુરૂષોત્તમત્વ બોધક બે વિશેષણ કહી રહ્યા છે... **લીલા નિત્ય.** જેમની લીલા નિત્ય છે. હવે લીલા નિત્ય કહે તેનાથી પરિચ્છિન્નત્વ અને દ્વૈત સિદ્ધ થાય છે. (પરિચ્છિન્નત્વ એટલે સિમિતતા.) પરંતુ અસિમિત સ્વરૂપથી લીલા સંભવી શકે નહીં...! આવી કોઇ શંકા થાય તો તેના નિવારક વિશેષણ કહી રહ્યા છે. **અખંડ**-સદા

એકરસ, અદ્વિતીય. **સદા એકરસ** - અર્થાત્ જેમનામાં ક્યારેય કોઇપણ પ્રકારનો વિકાર આવતો નથી તેવો. સિમિત સ્વરૂપ ધરે તો પણ તેમનું વ્યાપકત્વ નાશ પામતું નથી. આ તુકમાં શ્રીઘનશ્યામજીનું મોક્ષદાતા પણ કહ્યું. તેમજ આ જ નામથી તેમનું કૃપાળુપણું પણ બતાવ્યું છે. સર્વ બ્રહ્માંડના જીવન કહી સર્વ જગતમાં સમભાવ પણ બતાવ્યો તેનાથી અલૌકિક વૈરાગ્ય રૂપતાનું સૂચન કર્યું. આ રીતે શ્રીઘનશ્યામજીમાં વૈરાગ્ય ગુણના સ્પષ્ટ દર્શન થાય છે.

આ પ્રકારથી સાતે સ્વરૂપનું યથાક્રમ થી યથાર્થ નામ, સ્વરૂપ, ગુણ સહિત વર્ણન કરી હવે બેટીજીના પણ વર્ણન કરે છે. આ બધા બેટીજી પણ સામાન્ય નથી.

લક્ષ્મી સત્યભામા એ બેઉ અગ્રજની અનુહાર રે રસના ।।
શ્રીનવનીતપ્રિયાજીને રિઝવ્યાં સેવા વિવિધ પ્રકાર રે રસના ।।૧૨।।

લક્ષ્મી - શ્રીલક્ષ્મીબેટીજી. સત્યભામા- શ્રીસત્યભામા બેટીજી. આ બંને શ્રીગોપીનાથજીના બેટીજી છે. આ બંને કેવા છે? તો કહે, **અગ્રજની અનુહાર. અગ્રજ** શ્રીપુરૂષોત્તમજી. તેમના અનુહાર - તેમના જેવા જ. એટલે કે આ બંને બહેનો પોતાના મોટાભાઇ એવા શ્રીપુરૂષોત્તમજી જેવા જ છે. સ્વરૂપ નિરૂપણ કરીને તેમના ગુણનું નિરૂપણ કરી રહ્યા છે. શ્રીનવનીતપ્રિયાજીને રિઝવ્યા - પ્રસન્ન કર્યા. ક્યા પ્રકારે પ્રસન્ન કર્યા...? તો કહે છે, સેવા વિવિધ પ્રકાર. અનેક પ્રકારની સેવા કરીને રિઝવ્યાં. આનો ભાવાર્થ એ છે કે શ્રીપુરૂષોત્તમજી સાક્ષાત્ પુરૂષોત્તમ જ છે, તેમની અનુહાર એવું કહીને અલૌકિક સૌંદર્યનું સૂચન કરી રહ્યા છે અને શ્રીનવનીતપ્રિયાજીને પ્રસન્ન કર્યા તેનાથી અલૌકિક ગુણ પણ સૂચિત કર્યો.

શ્રીગોપીનાથજીના બંને બેટીજીનું વર્ણન કરીને હવે શ્રીગુસાંઇજીના બેટીજીનું નિરૂપણ કરી રહ્યા છે.

શોભા યમુના કમલા દેવકા જેહ ને સાત બાંધવ સૌભાગ્ય રે રસના ।।
એહના ચરણસ્મરણ કરી શ્રીવિઠ્ઠલપદરજરતિ માગ્ય રે રસના ।।૧૩।।

શોભા -શ્રીશોભાબેટીજી. યમુના - શ્રીયમુનાબેટીજી. દેવકા-શ્રીદેવકાબેટીજી. કમલા- શ્રીકમલાબેટીજી. આ બધા કેવા છે...? **જેહને સાત બાંધવ સૌભાગ્ય.** જેમને સાત **બાંધવ**-ભાઇ છે. **સૌભાગ્ય** એ જેમનું અખંડ સૌભાગ્ય છે. આવી રીતે સકલ પરિવારના વર્ણન પૂર્વક, સ્મરણનો ઉપદેશ પોતાની જીહ્વાને કર્યો. આ રીતે સ્મરણ કરવાથી અવશ્ય પ્રભુ પ્રસન્ન થાય છે. જ્યારે પ્રભુ પ્રસન્ન થાય ત્યારે શું ફલ માંગવું...! તે અડધી તુકમાં કહી રહ્યા છે. **એહના ચરણ સ્મરણ કરી. એહના** - શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર- પૌત્ર-વહુજી- બેટીજી. તેમના ચરણારવિંદનું નિરંતર સ્મરણ કરીને. **શ્રીવિઠ્ઠલપદરજરતિ માગ. શ્રી**- શ્રીરૂકમણીવહુજી અને શ્રીપદ્માવતીવહુજી સાથે બિરાજમાન. **શ્રીવિઠ્ઠલ**-નિઃસાધનજનનું હિત કરવાવાળા શ્રીગુસાંઇજી. તેમની **પદરજરતિ માગ.** ચરણારવિંદની રજ વિશે પ્રીતિ માંગવી. અથવા **પદ**-લીલાસ્થાન, અક્ષરબ્રહ્મ. જેને ગોલોક કહેવાય છે, તે માગવું; તેમજ **રજ**-ચરણરેણુ, અલૌકિક લીલાઉપયોગી દેહ સંપાદન કરાવવાવાળી શ્રીગુસાંઇજીની ચરણ રજ માગવી. તે ઉપરાંત રતિ-ભક્તિ. આ બધું જ માગવું. કારણ કે આ ત્રણેય પદાર્થો જ બ્રહ્મવલ્લી વગેરે ઉપનિષદોમાં ફળરૂપ બતાવવામાં આવ્યા છે. આનો ગૂઢ અર્થ તો એ છે કે આ ત્રણેય પદાર્થના દાતા શ્રીયમુનાજી છે. ઉપર બતાવ્યું એ પ્રમાણે સ્મરણ કરવાથી તેઓ

પ્રસન્ન થાય છે. જ્યારે શ્રીયમુનાજી પ્રસન્ન થાય ત્યારે તેમની પાસે ફળરૂપ આ પદાર્થોને માગવા જોઇએ. લૌકિક પદાર્થો ક્યારેય ન માગવા. શ્રીયમુનાજીની પ્રસન્નતા; શ્રીયમુનાજીનું પાન અને સ્નાન કરવાથી પણ પ્રાપ્ત થાય છે એ વાત પ્રસિદ્ધ જ છે. એ ઉપરાંત શ્રીયમુનાજીની પ્રસન્નતા આ રીત શ્રીવલ્લભાચાર્યજીના પરિવારના નામસ્મરણ કરવાથી પણ થાય છે એવું સૂચિત કરી રહ્યા છે.

ગોપાલદાસજી પોતાની જીહ્વાને પરિવારના નામ સ્મરણનો જ ઉપદેશ કરી રહ્યા છે...! પરંતુ એ પરિવારના સુખનું વર્ણન કેમ નથી કરી રહ્યા...! એવી શંકા થાય તો તેના માટે કહે છે...

પુત્રપૌત્રાદિક સુખ શું કહું જો તું મુખમાં એક રે રસના।।
શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફળ્યો તેની શાખા પ્રસરી અનેક રે રસના ।।૧૪।।

પુત્રપૌત્રાદિક સુખ. પુત્ર- શ્રીગોપીનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી. **પૌત્ર**-સાતે બાલક અને શ્રીપુરૂષોત્તમજી. **આદિ** શબ્દથી પ્રપોત્ર એટલે કે સાતે બાલકોના પુત્ર. તેમજ વહુજી-બેટીજી વગેરેનું જે સુખ. **શું કહું.** એ મારાથી વર્ણન કરી શકાય એવું નથી. તેનું વર્ણન કેમ નથી કરી શકાય તેમ...? તેનો હેતુ કહે છે, **જો તું મુખમાં એક.** પોતાની જીહ્વાને કહે છે કે તું મુખમાં એક જ છે અને પુત્ર પૌત્રાદિકના સુખનું વર્ણન અનંત છે. તો હું તે કેવી રીતે કહી શકું...! આનો ભાવાર્થ એ છે કે અનેક જીહ્વા હોય તો પણ આ અગણિત સુખનું વર્ણન કહિ શકાય તેમ નથી. તો પછી એક જીહ્વાથી આ અગણિત સુખ કેવી રીતે કહી શકું...! અહિ પરિવારના આનંદને અગણિત કહ્યો.. તેનાથી આખા પરિવારનું પુરૂષોત્તમત્વ સૂચિત થઇ રહ્યું છે. આ રીતે વર્ણન કરીને; શ્રીગુસાંઇજી સ્વરૂપે. કલ્પદ્રુમ-જે કલ્પવૃક્ષ. ફલ્યો-ફળયુક્ત થયો. **તેની શાખા પ્રસરી અનેક.** અનેક શાખાઓ ફેલાણી. શાખા પ્રસરી એ વર્તમાન પ્રયોગ કર્યો છે. તેનાથી એવું સમજાય છે કે એ સમયે ગોપાલદાસજીને જેટલા પુત્ર પૌત્રાદિના દર્શન થયા તેની સાથે ભવિષ્યમાં થનારા વલ્લભકુલ ગોસ્વામી બાલકોના પણ દર્શન થયા છે. અહીં **ફલ્યો** એમ કહેવાનું કારણ સાતેય બાલકના ફળરૂપત્વને સ્પષ્ટ કર્યું છે. શ્રીગુસાંઇજીને કલ્પદ્રુમ કહ્યા તેનાથી તેઓ સર્વ મનોરથના પૂરણ કરતા છે તેનું નિરૂપણ કર્યું.

ઇતિ નવમ્ આખ્યાન સંપૂર્ણ

ગોપાલદાસજીના હૃદયમાં બિરાજીને શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણે તેમને શ્રીમહાપ્રભુજી અને પોતાના સ્વરૂપનો અનુભવ કરાવ્યો. પ્રભુચરણોએ પોતાનું ચર્વીત તાંબુલ ગોપાલદાસજીને લેવડાવી એ માધ્યમથી એના હૃદયમાં બિરાજીને શ્રીમહાપ્રભુજીના તેમજ પોતાના અને પોતાના વંશના અલૌકિક સ્વરૂપનું જગતને દર્શન કરાવવા માટે આ નવ આખ્યાની રચના સ્વયં પોતે જ ગોપાલદાસજીને નિમિત્ત બનાવી અને કરી છે. શ્રીજીવનજી મહારાજની આ નવ આખ્યાન પરની ટીકાનું આપણે સૌએ દર્શન કર્યું. તેમાં આ નવ આખ્યાન દ્વારા પુષ્ટિનવધાભક્તિની સિદ્ધિ થાય છે એવું તેનું ફળ બતાવ્યું છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીની કૃપાથી આવી પુષ્ટિનવધાભક્તિ સૌને સિદ્ધ થાય એવી આપશ્રીના યુગલ ચરણારવિંદમાં વિનંતી સાથે નવ આખ્યાનની આ શૃંખલાને અહીં આપણે વિરામ આપીએ છીએ.



।। पञ्चपद्यानि ।।

टिका : गोस्वामी श्रीनृसिंहलालजी महाराजकृत



गतांकथी आगळ...

एसें मध्यम श्रोताको निरूपण करिवेके पीछे अधम श्रोतान्को निरूपण करिवेको प्रयोजन नाहीं हे, तथापि भिन्न रीतिसूं विनको निरूपण नहीं करिके उत्तमके निरूपणमें ही कोउ धर्मसों अधमन्को निरूपण करिवेकेलिये उत्तमन्कोही प्रथम निरूपण करत हें :

निःसन्दिग्धं कृष्णतत्त्वं सर्वभावेन ये विदुः ।।
तत्त्वावेशात्तु विकला निरोधाद् वा न चाऽन्यथा ।।३ ।।
पूर्णभावेन पूर्णार्थाः कदाचिन् न तु सर्वदा ।।
अन्यासक्तास्तु ये केचिद् अधमाः परिकीर्तिताः ।।४ ।।

ये = जो, कृष्णतत्वं = श्रीकृष्णरूप तत्वकुं, निःसन्दिग्धं = सन्देह रहित, सर्वभावेन = सब भावसूं, विदुः = जाने, ते तु = वे तो, आवेशात् = आवेशसूं, वा = अथवा, निरोधात् = निरोधसूं, ये = जो, केचित् = कोई कदाचित् = कबहुक, पूर्णभावेन = पूर्णभावसूं, पूर्णार्थाः = पूर्ण अर्थवारे, तु = तो, सर्वदा = हमेंशा, न = नाहीं, (किं च = ओर) अन्यासक्ताः = अन्यकहुं, आसक्त, ते = वे, अधमाः = हीन, परिकीर्तिताः = कहे जांय हें , विकलाः = विकल, च = परन्तु, अन्यथा = ओर तरहसुं, न = नहीं, तु = ओर

भावार्थ : सन्देह रहित जो श्रीकृष्णरूप तत्वकुं सर्वभावसों जो जानिवेवारे हें वे आवेशसूं अथवा निरोधसूं ही विकल होय हें। ओर पूर्णभावसों पूर्णअर्थवारे कबहुंक ही होय हें, सर्वदा नाहीं होंय हें। ओर अन्यमें आसिक्तवारे हें वे अधम कहे हें।

टीका : इतनें सदानन्द श्रीकृष्णके स्वरूपकुं – अर्थात् रसात्मक करपादादियुक्त, साकार ओर मायाकुं दूर करिके प्रकट भयो हे एसो शास्त्र ओर अनुभव सों संदेहरहित होयकें जेसो हे तेसो – जानिवेवारे श्रवणके उत्तमाधिकारी हें।

यहां शंका होय जो एसे दृढ ज्ञानवारेन्कुं श्रवण करिवेकी अपेक्षा न रहे तासूं उनकुं श्रोतापनो केसें ? एसी शंकाके निराकरणमें कहे हें जो वे ज्ञानवारेहु जब ज्ञानसों हृदयमें भगवदावेश होय तब विकल होय जाय हें। तब ''हम जानिनेवारे हें'' एसी स्फूर्त्ति विनकुं होय नाहीं हे। तब श्रवण करिवेकी उनकुं योग्यता सिद्ध होय हे। तासूंही श्रीभागवतके प्रथमस्कन्धमें कह्यो हे जो ''सतत भगवद्भक्त जिनकुं प्रिय हें ओर प्रभुके गुणन्नें जिनकी मतिको आकर्षण कियो हे एसे श्रीशुकदेवजी श्रीभागवतरूप आख्यान पढे''। तासों एसें पूर्णज्ञानवारेन्कुंहु श्रवणकी योग्यता कही हे। मूलमें 'तु'शब्द कह्यो हे तासूं रसावेशवारेन्कुं उपर कहे प्रमाण मतिविक्षेप नहीं होय हे एसें कह्यो हे। क्यों जो उनकुं तो निरन्तर रसावेश रहिवेसूं ज्ञान कबहु नहीं होय हे। क्यों जो ज्ञान हे सो रसके उदयको प्रतिबंधक हे। तासूंही सर्वव्यापक ओर अपने हृदयमें बिराजिवेवारे प्रभून्को शोध करिवेकी प्रवृत्ति होय

हे। सोही बात सिद्धज्ञानवारे श्रीशुकदेवजीनें श्रीभागवतके दशमस्कन्धके फलप्रकरणमें कही हे। तासूंही श्रीटिप्पणीजीमें श्रीगुसांईजीनें आज्ञा करी हे जो ''बहिर्मुखनकुं आकाशकीसी नांई सर्वत्र व्याप्त हें एसो प्रभुको ज्ञान होय हे। ओर भक्तनकुं तो बाहिर प्रकट प्रभुकोही आनन्द अपेक्षित होय हे''। तासूं एकादशस्कन्धमें श्रीभगवान्नें आज्ञा करी हे जो ''ज्ञान-वैराग्य बहोतकरिके भक्तके श्रेयसाधक नाहीं हें''।

यहां शंका होय जो भगवदावेशमें तो भगवान्की नांई सर्वज्ञपनो होनो योग्य हे, तब उनकुं विकलता केसें होय, जासूं श्रवणादिकमें प्रवृत्ति होय हे ? एसी शंका करिके कहे हें जो उनकुं प्रभुके गुणकरिके निरोध होय हे। प्रपञ्चके विस्मरण पूर्वक प्रभुमें जो आसक्ति वाकुं 'निरोध' कहत हें। सो केवल गुणश्रवणसूंही होय हे। तासूं निरोधसों वैकल्य होय जाय हे ओर रीतिसूं नाहीं होय हे। एसें श्रोतापनेको उपपादन करिके उनकुं कदाचित् मोक्षादिक अर्थमें निष्ठा होय तब, अर्थमें निष्ठा होय सो तो मध्यममें गिन्ये जांय तासूं मध्यमपनेकी निवृत्तिकेलिये अब कहत हें जो सर्वत्र पूर्ण एसो जो भगवद्भाव (भगवदावेश ओर निरोधसूं भयो भगवान्को ज्ञान) इतने सर्वत्र भगवान्की स्फूर्त्ति, ताकरिकेही जाके सब अर्थ समाप्त भये हें, तासूं ओर स्वार्थ उनकुं नाहीं हे तासूंही (स्वार्थनिष्ठाके अभावसूंही) उनको मध्यमपनो नाहीं हे किन्तु उत्तमपनोही हे। क्यों जो एक भगवान्मेंही निष्ठावारे हें।

जब एसें भयो तब तो पुष्टिमार्गीयनसूं विनमें जुदाई न भई। क्यों जो पुष्टिमार्गीय जेसें प्रभुमेंही निष्ठावारे हें एसें वेहु हें ! एसी शंका होय तहां कहत हें जो उनको एसो भाव सर्वदा नाहीं रहे हे किन्तु कोउ बखत ही रहे हे। इतनें जब भगवद्गुणको श्रवण करें तबही निरोध होयकें प्रभुनिष्ठ होय जाय हें। ओर पुष्टिमार्गीय तो सदाही भगवन्निष्ठ होयवेसूं सबनसूं न्यारेही हें। तासूंही शुकादिकनकुं सर्वदा लीलानुसन्धान नाहीं हे। जो होय तो ''मथुराजीसूं व्रज प्रति गये'' एसें तटस्थ रहीकें कथन असङ्गत होय। पुष्टिमार्गीयनके भावको सर्वाधिक पनो तो एकादशस्कन्धमें प्रभुनेही कह्यो हे जो ''मेरे विषेही जिनकी अनुषङ्गकरिके बुद्धि बंधाई हे एसे श्रीगोपीजन अपनो आत्मा, यह जगत् ओर परलोक उन सबनकुं न जानें जेसें समाधिमें मुनिजन ओर समुद्रके जलमें जेसें नदियें अपनो नाम - रूप छोड़िकें प्रवेश करे हें तेसें''। यहां नदीके दृष्टान्तसों समुद्रमें प्रवेश करिवेवारी नदी पूर्वरूपकुं कभी प्राप्त नाहीं होय हे ओर स्वरूपसूं रहे हे तोहु भेदसूं कथन नाहीं होय हे; तासूंही पुष्टिमार्गीयनके विषे भगवदितर स्फूर्त्तिके अभाववारो भाव, भगवदीयपनो ओर भगवान्में ओतप्रोत होयकें रहनो हे। ओर मर्यादामार्गमें तो श्रवणादिकसूं भगवदीयपनो हे तासूं पुष्टिमार्गीय ओर मर्यादामार्गीय में बहोत भेद हे; तासूं विशेष कहा कहनो ?

एसें बहिःसंवेदनके अभावकी दशामें मर्यादामार्गीय उत्तमनको निरूपण करिके; बहीःसंवेदनापन्नको निरूपण करिवेकेलिये, बहीःसंवेदनके प्रसङ्गसूं, अधमनको निरूपण करत हें: जो कितनेक अन्यासक्त इतनें ब्राह्मणत्व, क्षत्रियत्व आदिसों उत्कर्षापकर्षयुक्त ओर गृहादिकमें आसक्त इतनें वृत्ति सम्पादनकेलिये अथवा लोककुं सुनायवेकेलिये श्रवण करिवेवारेनकुं जलभेदमें ''क्षेत्रप्रविष्टास्तेचापि संसारोत्पत्तिहेतवः'' या श्लोकमें कह्ये भाववारे 'अधम' कहे हें। मूलमें 'तु'शब्द कहिवेको यह अभिप्राय हे जो प्रभुकी सेवा करिवेकेलिये जो घरमें आसक्त होंय सो अधम नाहीं हें। उनकोंतो पुष्टिमार्गीय मोक्षरूपपनेसूं उत्तमपनो हे ।।४।।

एसें मध्यमें अधमनको निरूपण करिके अब बहीःसंवेदन दशाके विषेहु जिनको अन्यत्र मन नाहीं हे एसे उत्तमनको निरूपण करत हें:

अनन्यमनसो मर्त्या उत्तमाः श्रवणादिषु ।।
देश–काल–द्रव्य–कर्तृ–मन्त्र–कर्म–प्रकारतः ।।५।।

(ये = जो)मर्त्याः = मरणशील, श्रवणादिषु = श्रवण आदिमें, देश–काल–द्रव्य–कर्तृ–मन्त्र–कर्म–प्रकार =स्थान, अनन्यमनसः = दृढ मनवारे हें, काल द्रव्य कर्ता मन्त्र ओर कर्मके प्रकारसूं, ते = वे, उत्तमाः = उत्तम हें

भावार्थ : देश, काल, द्रव्य, कर्तृ, मन्त्र ओर कर्म के प्रकारसूं जो अनन्य मनवारे हें सो श्रवणादिकमें उत्तम हें।

टीका : इतनें सर्वत्र बहारके पदार्थन्को ज्ञान होय तबहु प्रभु सिवाय अन्यत्र जिनको मन न होय वे 'अनन्य' कहे जाय हें। तहां शंका होय जो प्रभु सिवाय अन्यत्र जिनको मन नाहीं हे तिनकुं अन्तःसंवेदनमें विशेष कहा ? एसी आशंका करिके अनन्यचित्तपनेमें प्रकारभेद कहत हें जो देश, काल, द्रव्य, कर्ता, मन्त्र ओर कर्म इतने प्रकारसूं अनन्यमनवारे चहियें। इतने अन्तःसंवेदनमें भगवद्रूपसूं ही देशादिकन्की स्फूर्त्ति होय हे, देशादिकपनेसूं नाहीं होय हे. क्यों जो केवल भगवदाकार अन्तःकरण भयो होय तब सर्वत्र आवरणको नाश होय जाय हे। ओर बाहिरके पदार्थको ज्ञान होय तब तो ये देशादिक सब भगवद्रूप हें एसी स्फूर्त्ति होय हे। तामें देशादिकन्में भावनामात्रसों भगवद्बुद्धि होय हे। अर्थात् अन्तःसंवेदनमें देशादिकन्की स्फूर्तिही नाहीं होय हे ओर बहीःसंवेदनमें देशादिकन्की स्फूर्त्तिके सङ्ग भगद्बुद्धि होय इतनो अन्तःसंवेदनमें विशेष हे।

तहां शंका होय जो अन्तःसंवेदनमें प्रभुपनेसूं देशादिकन्में स्फूर्त्ति होय ओर बहीःसंवेदनमें देशादिकन्की स्फूर्त्तिमें भावनामात्रकी बुद्धि रहे, इतनो तारतम्य क्यों रहे हे ? अन्तःसंवेदन ओर बहीःसंवेदन में अन्तःकरणको स्वरूप तो एक ही हे ! एसी शंका करिके कहत हें जो ये मर्त्य हें तासूं एसें होय हे. अन्तःसंवेदनमें भावनाकरिके भगवद्रूपही होय जायवेसूं अन्यस्फूर्त्ति नाहीं रहे हे. ओर बहीःसंवेदनमें तो मर्त्यपनेसूं देशादिकन्की स्फूर्त्ति रहीवेसूं शास्त्रकरिके उनमें भगवद्बुद्धि रहे हे। एसें जो होय सो मर्यादामार्गमें श्रवणादिकन्में ओर कीर्तन प्रभृतीन्में उत्तम हें ।।५।।

।। इति श्रीमद्वल्लभाचार्यविरचित पञ्चपद्यन्की
गोस्वामि श्रीनृसिंहलालजीमहाराज कृता
व्रजभाषाटीका समाप्त भई ।।



પુષ્ટિચિન્તન

ડો. જયેન્દ્ર સોની



(ગતાંકથી આગળ...)

સ્વધર્માચરણ

કૃષ્ણભક્તિના પરિણામના અનેક અનુભવોનું ભાથું આ કૃષ્ણભક્ત પાસે છે. બગદાદમાં કામ કરતાં ભારતીયોનો તે ચહેતો છે. ગયા વર્ષે વિમાન રાખવાના અવાવરૂ હેંગરને સાફ કરી તેણે ત્યાં ગોવર્ધન પૂજા (અન્નકોટ) નો કાર્યક્રમ યોજેલો. પૂરા દોઢસો ભારતીયો ત્યાં 'ગોવર્ધનનાથ કી જય' બોલાવવા એકઠા થયેલા. હાલમાં જ તેણે ઇરાકમાં કાર્યરત અમેરિકન કોન્ટ્રાકટરોના યોગદાનથી જાતે નાનકડો રથ બનાવી જગન્નાથ -બલદેવ-સુભદ્રાની પ્રતિમાને બિરાજમાન કરીને બપોરે બાર વાગે બગદાદના સલામત વિસ્તારમાં રથયાત્રા કાઢી હતી. પાર્થ સારથિદાસ કહે છે કે રથયાત્રાનો માર્ગ નાનો હતો, પરંતુ આશરે પંચોતેર જેટલા ઉત્સાહી જનોએ એમાં ભાગ લીધો. દાળ-ભાત અને લોસ એન્જલીસથી રત્નભૂષણ દાસ નામના ભક્તે મોકલાવેલ અન્ય સામગ્રીનો પ્રસાદ ત્યાં હાજર રહેલ સૌ ભક્તોને વહેંચ્યો ત્યારે બગદાદની શેરીઓમાં 'જય જગન્નાથ'નો નારો ગુંજી ઉઠતાં જાણે ઇરાક વૈકુંઠમાં ફેરવાઇ ગયેલું લાગ્યું.

પાર્થ સારથિદાસ કહે છે કે સપ્ટેમ્બર ૨૦૦૮માં ઇરાકની ચોથી ટૂર પૂરી કર્યા પછી બ્રેક લઇને ભારત આવવાની તેની અદમ્ય ઇચ્છા છે જ્યારે આગામી વર્ષની ગોવર્ધન પૂજાનો તેને ખરેખર અલૌકિક લ્હાવો શ્રીગિરીરાજજીની તળેટીમાં મળે. ઉત્સુક્તાપૂર્વક તે એ દિવસની રાહ જોઇ રહ્યો છે. ધન્ય છે એ સ્વધર્મ નિષ્ઠાવાન કૃષ્ણભક્તને ! (આધાર ચિત્રલેખા-જુલાઇ ૨૦૦૮)

૮૪-૨૫૨ ભગવદીયો ઉપરાંત પ્રાચીન-અર્વાચિન અનેક ભગવદીયોના દૃષ્ટાંત આપણને જોવા મળશે કે અનેક વિપરિતતાઓમાં પણ જેમણે યથાશક્તિ ભગવત્સેવા રૂપી સ્વધર્મનું પાલન નિષ્ઠાપૂર્વક કર્યુ છે, કરી રહ્યાં છે.

આપણે આપણા મનને ટટોલીએ કે આપણે શ્રીમદાચાર્યચરણોની આજ્ઞાનું પાલન નથી કરી શકતાં કે નથી કરી રહ્યાં ! તે શું ખરેખર જ અસંભવ છે કે પછી આપણા મનની નબળાઇ ! કે આપણી આપણા ગુરૂ પ્રત્યેની નિષ્ઠાનો અભાવ ! શું વિચારવા જેવી નથી લાગતી આ વાત? શ્રીમહાપ્રભુજીએ 'સ્વધર્માચરણં શક્ત્યા' કહી ક્યાંય આપણને કોઇ ચોક્કસ માળખામાં નથી બાંધ્યા. વિચારીએ !

શબ્દ બ્રહ્મ અને બ્રહ્મસંબંધ

જીવનનું ધ્યેય જો ભગવદ્ પ્રાપ્તિ જ હોય તો બ્રહ્મસંબંધના વાસ્તવિક તાત્પર્યને જાણી તેની યોગ્ય પ્રક્રિયા દ્વારા તેનો સ્વીકાર મનુષ્યને લક્ષ્ય પ્રાપ્તિ

તરફ દોરી જઇ શકે છે.

શાસ્ત્રમાં કહેવાયું છે 'વાક્ એવ બ્રહ્મ', શબ્દ જ બ્રહ્મ છે. બ્રહ્મને 'શબ્દ બ્રહ્મ' અથવા 'નાદ બ્રહ્મ' પણ કહેવામાં આવે છે. અર્થાત્ શબ્દ કે નાદ અથવા મંત્ર અને સ્વર પણ બ્રહ્મનું જ સ્વરૂપ છે. પ્રાચીન ઋષિ મુનિઓએ હજારો વર્ષોની તપસ્યાને અંતે શબ્દો અને સ્વરની અસરોનું પરિક્ષણ કરી તેનો જીવન વ્યવહારમાં ઉપયોગ કર્યો છે. મંત્રોચ્ચાર દ્વારા કોઇ દેવના આહ્વાહનમાં આજ પ્રક્રિયા રહેલી છે. શબ્દ અથવા મંત્ર તે બ્રહ્મરૂપ હોઇ દેવ મંત્રાધીન બને છે અને તેથી મંત્ર દ્વારા તે પ્રત્યક્ષ પ્રગટ થાય છે.

માટી, ધાતુ, કાષ્ટ અથવા કાગળ પર ચિત્રિત મૂર્તિ કે ચિત્રને પણ મંત્રશક્તિ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા કરી તેમનામાં પ્રગટ થયેલ દેવ-દેવી દ્વારા ઇચ્છિત ફલ પ્રાપ્તિ પણ આ શબ્દ બ્રહ્મ કે નાદબ્રહ્મને કારણે જ સંભવ બને છે.

શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીએ પણ આજ પ્રક્રિયાના માધ્યમથી પુષ્ટિમાર્ગની દીક્ષા એવમ્ સેવા પ્રણાલીને પ્રસ્થાપિત કરી છે. આપશ્રીને સ્વયં ભગવાન દ્વારા થયેલ 'બ્રહ્મસંબંધ'ની આજ્ઞા અને ભગવાને આપેલ નિવેદન મંત્રથી સેવકોને દીક્ષિત કરી તેમના દોષોની નિવૃત્તિ તથા તેમની ભગવદ્સેવામાં પ્રવૃત્તિ અને તેના દ્વારા ભગવદ્ અનુગ્રહ પ્રાપ્ત થતા ભગવદ્ રસાનુભૂતિ એ સર્વ પ્રક્રિયાના મૂળમાં શબ્દબ્રહ્મ કે નાદબ્રહ્મનું જ સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

બ્રહ્મસંબંધ દીક્ષાની પ્રક્રિયામાં ભગવાનને પ્રિય એવા તુલસીની સાક્ષીએ સ્વયં શ્રીવલ્લભ દ્વારા કરાવાતાં મંત્રોચ્ચારથી નિજ સેવ્યસ્વરૂપની સન્મુખ જીવની નિખાલસતા પૂર્વકની કબુલાત અને સમર્પણનો સત્ય સંકલ્પ ચોક્કસ અપેક્ષિત અસર પહોંચાડી શકે છે. આ સમયે શ્રીવલ્લભ 'ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતિત થવાથી' કહી; જે પરિસ્થિતિ પેદા થઇ છે તેનું ભાન કરાવે છે. 'જે તાપ:કલેશનો આનંદ લુપ્ત થઇ ગયો છે તેવો હું જીવ' કહી પોતાના વાસ્તવિક સ્વરૂપની પહેચાન કરાવે છે, જેણે શરણે તે હવે જઇ રહ્યો છે તેવા ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણની ઓળખ કરાવે છે અને પછી જેને તે અત્યાર સુધી પોતાની માની બેસવાની ભુલ કરી બેઠો હતો તે પ્રત્યેક વસ્તુને ગણી ગણીને કબુલે છે - હે પ્રભુ ! આ સર્વ તમારૂં છે, હું તો કેવળ આપનો દાસ છું, હું સ્વયં પણ આપનો જ છું.' શબ્દ બ્રહ્મના શબ્દોને અને તેના નાદને સાર્થક કરવાની ક્ષમતા ધરાવનાર સમર્થ ગુરૂ શ્રીવલ્લભાચાર્યજીના માધ્યમથી સ્વયં ભગવાન સામે કરેલ કબુલાત અને સમર્પણનો સંકલ્પ જીવને જગદીશ સાથે જોડવામાં ચોક્કસપણે સહાયરૂપ બની શકે છે. અહીં શબ્દબ્રહ્મનું સાતત્ય અને મંત્રશક્તિનું સામર્થ્ય કારણભૂત છે તો સાથે એ શબ્દબ્રહ્મને પ્રગટ કરી શકે તેવા વ્યક્તિત્વનું પણ એટલું જ મહત્વ રહેલું છે. એવું સામર્થ્ય શ્રીમદ્વલ્લભાચાર્યજીમાં હતું અને સ્વવંશમાં સંસ્થાપિત છે તેવા શ્રીવલ્લભકુલમાં છે તે નિર્વિવાદ છે. **(ક્રમશઃ)**

શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્

(શ્રીરઘુનાથજી કૃત 'નામચન્દ્રિકા' ટીકાસાથે)

સંકલન : વિમલ ભટ્ટ



ગતાંકથી આગળ...

કાલસાક્ષી ।।૩૨૪।।

કાળને નિયમમાં રાખનાર.

શશિપ્રભઃ ।।૩૨૫।।

ચન્દ્રમાની કાન્તિ જેવી જેમની પ્રકાશમાન કાન્તિ છે એવા.

જેમ ચન્દ્રના દર્શનથી મનુષ્યોને મહાન આનન્દ પ્રકટ થાય છે તેમ જેમના દર્શન માત્રથી જ અતિશય આનન્દ ઉદ્ભવે છે, એવા પરમાત્મા પ્રભુ આનન્દસ્વરૂપ છે, એટલે તેમનાં દર્શનથી આનન્દ પ્રાપ્ત થાય તે સહજ છે. ચન્દ્રના દર્શનથી ઉપજતો આનન્દ ક્ષણિક છે, પરન્તુ ભગવદાનન્દ તો એથી વિલક્ષણ પ્રકારનો અને અખણ્ડ છે.

મેરુદેવીવ્રતફલમ્ ।।૩૨૬।।

નાભિરાજાની પત્ની મેરુદેવીએ આચરેલા પુંસવનાદિવ્રતોના ફળરૂપ એવા ઋષભદેવ સ્વરૂપી ભગવાન્.

ઋષભઃ ।।૩૨૭।।

સર્વશ્રેષ્ઠ એવા ઋષભદેવ પરમાત્મા.

સંસ્કૃત ભાષામાં 'ઋષભ' શબ્દનો અર્થ સર્વથી ઉત્તમ એમ થાય છે, તો સર્વથી ઉત્તમ પુરુષોત્તમ સિવાય કોણ હોઈ શકે ? પ્રભુ જ્યારે નાભિરાજાને ત્યાં પ્રકટ થયા, ત્યારે તેમનામાં વીર્ય, શૌર્ય, ધૈર્ય, ગામ્ભીર્ય, ઔદાર્ય, યશ વગેરે-વગેરે સર્વથી ઉત્તમોત્તમ ગુણોનાં લક્ષણો નિહાળી તેમણે પોતાના પુત્રનું નામ ઋષભદેવ પાડ્યું માટે અહીં ઋષભ સ્વરૂપી ભગવાન્ એમ કહ્યું.

ભગલક્ષણઃ ।।૩૨૮।।

ઐશ્વર્ય વગેરે ગુણોના સમુદાયને પોતાનામાં દર્શાવનાર.

ઐશ્વર્યાદિ ગુણોથી યુક્ત હોય તે ભગલક્ષણવાળો છે એમ જણાય છે. સ્મૃતિમાં કહે છે કે

''ઐશ્વર્યસ્યસમગ્રસ્યધર્મસ્ય(વીર્યસ્ય)યશસઃશ્રિયઃ,
જ્ઞાનવૈરાગ્યયોશ્ચૈવષણ્ણાંભગઇતિસ્મૃતિઃ''

(સઘળું ઐશ્વર્ય, વીર્ય, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણોને 'ભગ' એવી સંજ્ઞા આપવામાં આવી છે) ઉપર ગણાવેલા છ ગુણો જેમાં એકત્ર નિવાસ કરે છે, તેને ભગવાન્ કહેવામાં આવે છે. આ સ્કન્ધના ચોથા અધ્યાયમાં જણાવે છે કે **''અથ તમુત્પત્ત્યૈવાભિવ્યજ્યમાન-ભગવલ્લક્ષણ''** (ઉત્પત્તિ થતાંની સાથે જ ભગવાન્ના લક્ષણવાળા તે ઋષભદેવની પ્રજાઓ સ્તુતિ કરવા લાગી માટે જ ભગલક્ષણવાન્ એવા

પરમાત્મા એમ જણાવ્યું.

जगत्सन्तर्पको मेघरूपी देवेन्द्रदर्पहा।
जयन्ती पतिरत्यन्तप्रमाणाशेषलौकिकः ।।७१।।

जगत्सन्तर्पकः ।।३२९।।

જગત્નું સારી રીતે પોષણ કરનાર.

જગતનું એટલે પ્રજાનું સારી રીતે પોષણ કરનાર પોતે પ્રભુ છે. આ સર્વ પ્રજાઓને જળ, ફળ, ધાન્ય વગેરે આપી પ્રભુ જ પોષણ કરે છે. પરમાત્માની આજ્ઞાથી જ મેઘ વૃષ્ટિ કરે છે, સૂર્ય તાપ આપે છે, પવન વાઈ રહ્યા છે, એ બધું પ્રભુએ પ્રજાઓનું પાલન કરવાને જ પ્રકટ કર્યું છે. માટે જ સર્વનું ખરી રીતે પાલન કરનાર તો એક પરમાત્મા જ છે.

मेघरूपी ।।३३०।।

અજનાભ સંજ્ઞાધારી એવા શ્રીકૃષ્ણ

પરમાત્મા પ્રજાઓનું પોષણ કરનાર છે, તે આ નામ કહીને તેને દૃઢ કરે છે. આ સ્કન્ધના ૪ અધ્યાયમાં કહે છે કે ''જ્યારે ઋષભદેવના રાજ્યમાં તેમની સ્પર્ધા કરી ઇન્દ્રરાજાએ મેઘની વૃષ્ટિ ન કરી ત્યારે ભગવાન્ ઋષભદેવે મેઘ સ્વરૂપે થઈ અનેક રીતે જળવૃષ્ટિ કરી પ્રજાઓનું પાલન કર્યું. તેથી જ અહીં મેઘરૂપી ભગવાન્ એમ કથન કરે છે.

देवेन्द्रदर्पहा ।।३३१।।

દેવેન્દ્રના ગર્વને હણનાર.

પોતાના પરાક્રમથી રાજ્યમાં વૃષ્ટિ કરી, પ્રજાઓને સન્તોષ આપી દેવોના રાજા ઇન્દ્રના મહાન ગર્વને-અભિમાનને ઉતારનાર એવા પ્રભુ. આ પ્રમાણે પરમાત્મા પોતાનો પ્રતાપ દર્શાવી અભિમાનનાં મદમાં છકી ગયેલાઓના મદને ઉતારી નાંખે છે. અને અનેક સંકટોમાંથી પોતાને શરણે પડેલી પ્રજાઓ પોષે છે એવું વિસ્મયજનક પ્રભુનું ચરિત્ર હોય એમાં શું કહેવાનું ?

जयन्तीपतिः ।।३३२।।

જયન્તીના પતિ-સ્વામી.

ઋષભદેવનો આશ્ચર્યકારક પ્રભાવ જોઈ ઇન્દ્રદેવે પોતાની જયન્તી નામની કન્યા તેમને પરણાવી હતી, તેથી જયન્તીના પતિ-સ્વામી એવા ઋષભદેવ સ્વરૂપધારી પ્રભુ પોતે શ્રીપુરુષોત્તમ.

अत्यन्तप्रमाणाशेषलौकिकः ।।३३३।।

૧. સમ્પૂર્ણ રીતે લૌકિકપ્રમાણોનું અતિક્રમણ-ઉલ્લંઘન કરનાર,

૨. અત્યન્ત પ્રમાણોવડે જેમનાં લોકસિદ્ધ કાર્યો ગ્રહણ કરવા યોગ્ય છે એવા

પરમાત્મા ઋષભદેવ.

शतधान्यस्तभूतात्मा शतानन्दो गुणप्रसूः ।
वैष्णवोत्पादनपरःसर्वधर्मोपदेशकः ।।७२।।

शतधान्यस्तभूतात्मा ।।३३४।।

સો પ્રકારે શરીરમાં આત્માને સ્થાપન કરનાર.

ઋષભદેવ ભગવાને પોતાના જેવા સો પુત્રો પ્રકટકર્યા. શ્રુતિ ઉપદેશે છે કે **''आत्मा वै जायते पुत्र''** (આત્મા જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે) ઋષભદેવે પોતાના આત્માને સો પુત્રો ઉત્પન્ન કરી સો શરીરોમાં સ્થાપન કર્યો છે. આ સ્કન્ધના ૪ અધ્યાયમાં કહે છે કે **''आत्मसमानानं शतं जनयामासे''** (પોતાના જેવા પરાક્રમી સો પુત્રોને ઋષભદેવે ઉત્પન્ન કર્યા) માટે જ સો પ્રકારે શરીરોમાં પોતાના આત્માને સ્થાપન કરનાર એવા પ્રભુ એમ કહ્યું. **(ક્રમશઃ)**



तत्वार्थदीपनिबन्धान्तर्गत

सर्वनिर्णयप्रकरण

टीकाकार: सांचोरा श्रीगोकुलदासजी



ગતાંકથી આગળ...

अनभ्यासेन वेदानाम् आचारस्य च लङ्घनात्।।
आलस्याद् अन्नदोषाच्च मृत्युर्विप्रान् जिघांसति।।१८६।।
शिलोञ्छवृत्या सन्तुष्टः श्रौतं कर्माऽखिलं चरेत्।।
तप-स्वाध्यायनिरतो ह्यग्निहोत्रादिपञ्चकम्।।१८७।।

वस्तुतस्तु वाको फल होय ही नहीं हे। स्मृतिमें लिख्यो हे के अन्नके दोषसों आलस्य होयवेसों आचारको उल्लङ्घन तथा वेदको अभ्यास छूटि जायवेसों विप्रकी मृत्यु होय हे। स्मृतिकुं अत्यन्त भूल जायवेसों 'मृत्यु' कहे हें। स्मृतिनाश हे सो बुद्धिको नाश करे हे. बुद्धिनाश भये पीछे धर्मकुं नहिं फलवे देत हे। तब धर्म केसें फल सके? ताको उत्तर देत हें: 'शिलोञ्छवृत्या' इति। जा रीतिसों शास्त्रमें जा वर्णकुं वृत्ति करनो लिख्यो हे वा ही रीतिसों निर्वाह करकें धर्म करे तब धर्म सफल होय। जेसें ब्राह्मणकी चार वृत्ति हें: १.शिलोञ्छ २.अमृत ३.मृत तथा ४.प्रमृत. तहां मृत=नित्य मांगनों, प्रमृत=खेतीकरनों तथा अमृत=विनामांगे कोई वस्तु देवे वाकों लेनों। इनमें शिलोञ्छ वृत्ति श्रेष्ठ हे। खेतमें अथवा हाटमें जायकें शुद्ध भूमीमें गिरे भये धान्य कणनकुं लायकें उनसों अपनो निर्वाह करनों 'शिलोञ्छवृत्ति' कहावे हे। या रीतिसों ब्राह्मण वर्ताव करे, सदा सन्तोष राखे। यदि सन्तोष नहिं होय तो शिलोञ्छ वृत्तिसों निर्वाह करनो व्यर्थ ही जाय। श्री भागवतमें लिखे हें ''सदसस्य तयोः राजन् असन्तोषात् पतन्त्यधः'' (भाग.पुरा.७।१५।२१)।।१८६-१८७।।

स्मार्तं कृताकृतं तस्य सर्वं जानन् हरिं यथा।।
क्रमेण मुक्तिमाप्नोति ब्रह्मलोकं परं गतः।।१८८।।

शङ्का: केवल धान्यकण बीनकें निर्वाह करिवेवारे ब्राह्मण स्मृतिके लिखे भये होमादि कर्मनकुं द्रव्य बिना केसे करि सकेगो?

उत्तर: या उत्तम वृत्तिसों निर्वाह करिवेवारे ब्राह्मणके अर्थ स्मार्तकर्म स्मृतिको लिख्यो होम कृताकृत हे। अर्थात् इच्छा होय, समृद्धि होय तो करनों। मृत, प्रमृतादिवृत्तिसों निर्वाह करिवेवारेकुं तो स्मार्त होम भी करनों चहिये। या रीति निजवृत्तिसों निर्वाह करिवेवारो ब्राह्मण सब जगत्कुं भगवद्रूप मानतो भयो ब्रह्मलोकमें जावे हे। ब्रह्माके साथ वाकी मुक्ति होय हे। ये क्रममुक्ति वैदिक मार्गकी उत्तम निष्ठाको फल हे।।१८८।।

एतस्य तारतम्येन मानुषानन्दतो द्विजः।।
अक्षरानन्दपर्यन्तम् आनन्दान् विन्दते क्रमात्।।१८९।।

ये फल पूर्ण कर्म सिद्ध होय, पूर्ण ज्ञान सिद्ध होय तथा पूर्ण निष्काम होय तब होवे हे। अर्थात् पूर्ण ये लक्षण होंय तब तो ब्रह्मानन्द=अक्षरानन्द प्राप्त होवे हे। अक्षरानन्द तांईके आनन्दकी गिनती हे। उन लक्षणनमें कछु न्यूनता होय तो बृहस्पतिके आनन्दकी प्राप्ति होय। वासों हु न्यूनता होय तो इन्द्र होय। वासों न्यूनता होय तो समस्त पृथ्वीको पति होय। या प्रकार साधनके तारतम्यमें फलको तारतम्य समुझनों। साधन दो प्रकारसों होय हे। एक वर्षमें सोमयाग, चातुर्मास्य यागादिकनकी आवृत्ति वर्षके वर्ष होती रहे। अथवा जन्म-जन्ममें एक-एक सोम, चातुर्मास्यादि यज्ञ होतो

रहे। तहां वर्षके वर्ष आवृत्ति करनों उत्तम पक्ष हे।।१८९।।

उपान्त्यानन्दपर्यन्तं पुनर्जन्म भवेद् ध्रुवम्।।
तत्-तद्रूपेण लोकेषु भोगान् भुक्त्वा तथाविधान्।।१९०।।
एकाश्रमेण वा तिष्ठे द् विशेद् वा समनन्तरम्।।
आयुर्भागक्रमेणैव चतुष्टयमथापि वा।।१९१।।

दूसरे पक्षमें यज्ञमें प्रकट भयो जो अदृष्ट वासों खिंच आये पञ्च भूतन्सों बने भये शरीरसों उन-उन लोकन्में जावे हे। पुण्य क्षीण भयेसों पाछे भूमिमें आवे हे। फिर कर्म करकें उत्तमसों उत्तम लोकमें जायकें भोग भोगिके यहां आवे हे। ब्रह्मलोकके समीपको जो तपो लोक हे वहां तक गये जीवको हु पुनर्जन्म होतो रहे हे। तप लोकसों हु आयके जन्म लेकें यज्ञादिकन्की आवृत्ति करे तब ब्रह्मलोकमें जायकें ब्रह्माके साथ मुक्ति होवे। तासों निजवृत्तिन्सों उपार्जित अन्न ही यज्ञादिके द्वारा उन-उन देवलोकन्के भोग भुगायवेवारो हे।

आश्रमधर्मकी व्यवस्था करें हें: 'एकाश्रमेणे' इति. १.ब्रह्मचर्य, २.गृहस्थ, ३.वानप्रस्थ तथा ४.सन्न्यास इन चारों आश्रमनकुं अवस्थाके चार भाग करकें एक-एक भागमें एक-एक आश्रमकुं यथार्थ साधन करे। अथवा इन चारों आश्रमन्मेंसों एक कोई आश्रमके धर्मकुं मरणपर्यन्त यथार्थ साधनों। अथवा आयुके विभाग विना ही क्रमसों आश्रमधर्मन्को अनुसरण करनो। इन तीनों पक्षन्को फल समान ही होवे हे।

अव्यवस्थया प्रव्राजो वैराग्यस्तावकः सर्वथा वैराग्यम् अङ्गम् इति ज्ञापनार्थः ''गृहाद् व्रजेद् वनाद् व्रजेद्'' इति. अन्यथा अयं पक्षो मन्वादिभिः उक्तः स्यात्। तस्मात् त्रयएव पक्षाः।।१९१।।

त्रिदण्डं परिगृह्णीत सर्वशास्त्राविरोधि तत्।।
शास्त्रेऽपि भगवान् आह दण्डस्यैकस्य धारणम्।।
प्रतिपत्तिरियं सर्वा देहस्य ज्ञानिनो भवेत्।।१९२।।
आद्यन्तयोस्तु भिक्षान्नं द्वितीये तु शिलोञ्छनम्।।
तृतीये वन्यभेदाः स्युर् भिक्षायामपि संयमः।।१९३।।

अव्यवस्थाको जो संन्यास हे वो वैराग्यकी स्तुति करिवेके अर्थ हे पूरो वैराग्य भयेसों सन्न्यासी होनों योग्य हे। ब्रह्मचर्याश्रम साधें विना ही सन्न्यासी हो जानों गृहस्थाश्रमधर्ममेंसों कच्ची अवस्थामें ही सन्न्यासी हो जानों इत्यादि अव्यवस्थाको सन्न्यास मनुस्मृत्यादिकन्में नहिं लिख्यो हे तासों तीन ही पक्ष हें।

अभी कलियुगमें सन्न्यासके अनेक मन:कल्पित प्रकार चले हें। उनको स्वीकार नहिं करनो। शास्त्रोक्त त्रिदण्डसन्न्यास ग्रहण करनों। ''मौनानीहानिलायामा दण्डा वाग्देह चेतसाम्'' (भाग.पुरा.११।१८।१७) या श्रीभागवतके वचन अनुसार वाणीको दण्ड मौन राखनों हे, देहको दण्ड चेष्टा करिवो छोडनो हे, चित्तको दण्ड प्राणायाम द्वारा प्राणवायुको रोकनों हे। इन तीनों दण्डन्कुं धारण करनों. जिज्ञासादशामें=अपक्वदशामें मौन राखे विना तथा चेष्टा करनों छोडे विना देह वाणीमें दोष उत्पन्न होय जाय। तासों तीनों दण्डन्की सन्न्यासीकुं आवश्यकता हे। ये पक्ष कोई शास्त्रसों विरुद्ध नहिं हे. एक दण्ड धारणको पक्ष तो सर्वसम्मत नहिं हे। यदि ये पक्ष तथा अन्य कोई पक्ष होय तो सर्वशास्त्रन्के सारभूत श्रीभागवतमें अवश्य लिख्यो होय।

तासों अन्य पक्ष सर्वसम्मत नहिं हें. आचार सहित चारों आश्रमन्के धर्म हें सो ज्ञानके अङ्गभूत हें एसें समुझिकें जाकुं ज्ञान सिद्ध हो जाय वाकुं हु आश्रमधर्म छोडनों योग्य नहिं हे। सन्न्यासादि आश्रममें ही स्थित रहे. यदि अच्छृङ्खल होयके बरताव करे हे तो ज्ञानीको हु पुन: जन्म होय।

एसें आश्रमन्को निरूपण करिके वर्ण-वर्णके अनुसार तथा एक-एक आश्रमके अनुसार वृत्ति अनेक प्रकारकी हे। शीघ्र फलको उपयोगी केसो अन्न हे ताको वर्णन करे हें। ''आद्यन्तयोस्तु भिक्षान्नम्'' इति। ब्रह्मचारी-सन्न्यासीन्कों तो भिक्षाको अन्न उत्तम हे। गृहस्थकुं शिलोञ्छ अर्थात् हाट उठे पीछें बिखरे भये अन्नके कण 'शिलोञ्छ' कहावे हें। तथा खेतवारे कर्षालोगन्के अर्थ पीछें बची भई धान्यकी मञ्जरी 'शिल' कहावे हे। ये अन्न गृहस्थीकों फलको उपयोगी हे। सन्न्यासाश्रममें तो सात घरकी भिक्षा करनो एसो नियम हे।।१९२-१९३।। **(क्रमश:)**

ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ

સંકલન : ભુપેન્દ્રભાઈ ભાટીયા



ગતાંકથી આગળ...

नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धान्तविनिश्चयम् ।।
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ।।१।।
चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ।।
तत: संसार-दु:खस्य निवृत्तिर्ब्रह्म-बोधनम् ।।२।।
परं ब्रह्मतु कृष्णो हि सच्चिदानन्दकं बृहत् ।।
द्विरूपं तद्धि सर्वं स्याद् एकं तस्माद् विलक्षणम् ।।३।।
अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगु: ।।
मायिकं सगुणं कार्यं स्वतन्त्रं चेति नैकधा ।।४।।
तदेवैतत्-प्रकारेण भवतीति श्रुतेर्मतम् ।।
द्विरूपं चापि गङ्गावज्ज्ञेयं सा जलरूपिणी ।।५।।
माहात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा ।।
मर्यादामार्ग-विधिना तथा ब्रह्मापि बुध्यताम् ।।६।।
तत्रैव देवता-मूर्ति: भक्त्या या दृश्यते क्वचित् ।।
गङ्गायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ।।७।।
प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात् तया जले ।।
विहिताच्च फलात् तद्धि प्रतीत्यापि विशिष्यते ।।८।।
यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ।।
यथा देवी तथा कृष्ण: तत्राप्येतदिहोच्यते ।।९।।
जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्म-विष्णु-शिवास्तत: ।।
देवता-रूप-वत् प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मत: ।।१०।।
कामचारस्तु लोकेऽस्मिन् ब्रह्मादिभ्यो न चान्यथा ।।
परमानन्द-रूपेतु कृष्णे स्वात्मनि निश्चय: ।।११।।
अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।।
आत्मनि ब्रह्मरूपेतु छिद्रा व्योम्नीव चेतना: ।।१२।।
उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ।।
गङ्गातीर-स्थितो यद्वद् देवतां तत्र पश्यति ।।१३।।
तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति ।।
संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ।।१४।।
अपेक्षित-जलादीनाम् अभावात् तत्र दु:खभाक् ।।
तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्त: सर्वलोकत: ।।१५।।
आत्मानन्द-समुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ।।
लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा ।।१६।।
क्लिष्टोऽपि चेद् भजेत् कृष्णं लोको नश्यति सर्वथा ।।
ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत् पूजोत्सवादिषु ।।१७।।
मर्यादास्थस्तु गङ्गायां श्रीभागवत-तत्पर: ।।
अनुग्रह: पुष्टिमार्गे नियामक इति स्थिति: ।।१८।।
उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ।।
ज्ञानाधिको भक्तिमार्ग: एवं तस्मान्निरूपित: ।।१९।।
भक्त्यभावेतु तीरस्थो यथा दुष्टै: स्वकर्मभि: ।।
अन्यथाभावमापन्न: तस्मात् स्थानाच्च नश्यति ।।२०।।
एवं स्वशास्त्र-सर्वस्वं मया गुप्तं निरूपितम् ।।
एतद् बुद्ध्वा विमुच्येत पुरुष: सर्व-संशयात् ।।२१।।

।। इति सिद्धान्तमुक्तावली सम्पूर्णा ।।

ગ્રંથ - સિદ્ધાંતમુક્તાવલી

૮૪ વૈષ્ણવ વાર્તા ૫૪ -અચ્યુતદાસ સનોઢિયા (લીલાનું નામ - ''મધુરા'')

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૨ -એક વિરક્ત બ્રાહ્મણ ગુજરાતના (લીલાનું નામ - ''ભાવનિપુણા'') (સાત્ત્વિક ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૦ -ગુજરાતના ભગવદીય અને તાદશી (લીલાનું નામ - ભગવદીય ''કમલાક્ષિ'' તાદશી - ''હિરણાક્ષિ'') (રાજસ ભક્ત)

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૬૧ - એક વૈષ્ણવ જેને શ્રીગિરિરાજજી પર ચડતાં જોઇ શ્રીગુસાંઇજીએ મસ્તક હલાવ્યું.)

(લીલાનું નામ - ''મુક્તા'') (તામસ ભક્ત)

શ્રીમહાપ્રભુજીએ, અચ્યુતદાસજી માટે સ્વસિદ્ધાંતના અર્કરૂપ 'સિદ્ધાંતમુક્તાવલી' ગ્રંથ પ્રકટ કર્યો છે. આ ગ્રંથનું શ્રવણ કરતા અચ્યુતદાસને ક્યા સિદ્ધાંતો અંતર્ગત થયાં અને પ્રત્યેક શ્લોક સાંભળતાં, એમના અંતઃકરણમાં કેવા કેવા વિલક્ષણ ભાવોની અનેકરંગી નૂતન તરંગો આવિર્ભૂત થઇ, એની ઝાંખી ગ્રંથ અને વાર્તાને ઓતપ્રોત કરીને કરીએ. પુરૂષવાચક ગ્રંથ અને સ્ત્રીવાચક વાર્તાના સંગમથી રસનિષ્પત્તિ થાય છે. પ્રમાણ અને પ્રમેયના અભેદાત્મક મિલનના દર્શન કરવાનો અહીં નમ્ર પ્રયાસ છે. શ્લોકના અર્થ અને એના ગૂઢાર્થને નિહાળીએ તો વાસ્તવમાં તો ષોડશગ્રંથમાં પ્રકટ પુંભાવ અને ગૂઢ સ્ત્રીભાવ છે. વાર્તાઓમાં પ્રકટ સ્ત્રીભાવ અને ગૂઢ પુંભાવ છે. ષોડશગ્રંથનો અર્થ અખિલ પુષ્ટિસૃષ્ટિને અનુલક્ષીને છે અને ગ્રંથનો ગૂઢાર્થ, શ્રીવલ્લભ અને અચ્યુતદાસ વચ્ચેના અંતરંગ સંવાદ છે. વિવાદ એટલો જ છે કે, આચાર્યજીએ તનુવિત્તજા સેવાની આજ્ઞા કરી અને અચ્યુતદાસજીએ સીધી માનસી સેવાજ માંગી લીધી. પરંતુ ભક્તવત્સલ શ્રીમહાપ્રભુજીએ એ વિવાદને પણ સંવાદરૂપ બનાવી દીધો અને પોતાના ''તનુવિત્તજા'' સેવાના આગ્રહને અચ્યુતદાસ માટે અપવાદરૂપ બનાવી, એમને સીધુ જ માનસી સેવાની સિદ્ધિનું દાન કર્યું. માનસી સેવાની ઉપલબ્ધિ માટે શ્રીમદાચાર્યચરણ અચ્યુતદાસજીને પ્રમાણ કે સાધન માર્ગથી ન લઇ ગયાં તે અપવાદ છે. અચ્યુતદાસની અવ્યાવૃત અવસ્થા માનસી સેવાના દાનમાં એક નિમિત્ત કારણ બની.

શ્લોક ૧ અને ૨ :

કૃષ્ણની સેવા બાહ્યાભ્યંતર છે. બાહ્ય સેવાને નિર્દિષ્ટ કરતાં આચાર્યજી આજ્ઞા કરે છે तत्सिद्धयै तनुवित्तजा। સેવાનું આ સાધન લક્ષણ છે. कृष्ण सेवा सदा कार्या એ પ્રત્યેક નિવેદિતાત્માનું કર્તવ્ય લક્ષણ છે. કોડામણાં કૃષ્ણમાં સ્નેહ જગાડનારૂં આ સોહામણું કર્તવ્ય લક્ષણ છે. चेतस तत् प्रवणं सेवा, આ સેવાનું સ્વરૂપ લક્ષણ છે. અર્થાત્ ચિત્તનું સેવામાં અને પ્રભુમાં પ્રવણ થવું તે સેવા છે. मानसी सा परामता એ સેવાની ફલદશા છે. સેવાનું અભ્યંતર સ્વરૂપ છે.

ભગવદ્ગીતામાં ભગવાન આજ્ઞા કરે છે કે, ''ममैवांशो जीवलोके।'' જીવ પ્રભુનો અંશ છે, દાસ છે. તેથી જ દાસ એવા પુષ્ટિજીવનું મુખ્ય કર્તવ્ય જ ભગવત્સેવા છે. એ કર્તવ્ય નિભાવવાથી પુષ્ટિભક્તિ માર્ગનું ફલ મળે છે. ભગવત્સેવા ન કરનાર પર પ્રભુ કૃપા કરી ક્યારેક અનુભવ કરાવે તોય ભગવત્સેવા કરતાં આવા અનુભવનું વિશેષત્વ નથી, એવું અપ્રતિમ માહાત્મ્ય ભગવત્સેવાનું છે. **(ક્રમશઃ)**

❋ નીચે આપેલા નામ કોષ્ટકક. નામ શોધો.

વિ	સુ	બો	ધિ	ની	ધિ	ભા	સ્ફ	ટિ	ક
હ	શ્રી	પ્ર	ક	ગી	તા	વ	મે	દ	મ્
રિ	વ	બો	ક	પ્રે	મ	બો	ધિ	ની	મા
પ્રિ	ક	ધિ	ત્ર	વિ	શ	ધિ	નુ	ભ	વ
ચા	વિ	ની	હા	તુ	ર	ની	પા	ખ	ગો
ખ	ષ્ટ	વિ	બ	હ્ય	બો	ધિ	ની	ક	વિં
કૃ	ષ	મા	ધ	વ	પ્રિ	યા	ગ	મ	દ
ષ્ણ	ક્તા	ન્ના	રા	ત	ત્ત	મ	વ	ત્ર	પ્રિ
પ્રિ	નિ	વિ	યો	ગ	મુ	કું	દ	પ્રિ	ચા
ચા	ધિ	સ્ફ	ટ	વિ	મ	હ	દ	શા	ર્ણ



(૧) સુબોધિની
(૨) પ્રબોધિની
(૩) ભાવબોધિની
(૪) બ્રહ્મબોધિની
(૫) પ્રેમબોધિની
(૬) કૃષ્ણપ્રિયા
(૭) માધવપ્રિયા
(૮) ગોવિંદપ્રિયા
(૯) મુકુંદપ્રિયા
(૧૦) હરિપ્રિયા



❋ જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.

શ્લોક	શ્લોક સંખ્યા	અધ્યાય
(૧) યુધામન્યુશ્ચ વિક્રાન્ત.....	૧૦	૧
(૨) દેહિનોઽસ્મિન્ યથા દેહે.....	૨૮	૨
(૩) નૈવ તસ્ય કૃતેનાર્થો.....	૧૮	૩
(૪) અજ્ઞશ્ચાશ્રદ્દધ્યાનશ્ચ.....	૩૦	૪
(૫) યે હિ સંસ્પર્શજા ભોગા....	૨૦	૫
(૬) યત્રોપરમતે ચિત્તં.....	૨૨	૬
(૭) સાધિભૂતાધિદૈવં માં.....	૪૦	૭
(૮) અવ્યક્તાદવ્યક્તયઃ.....	૧૮	૮
(૯) શુભાશુભફલૈરેવં.....	૧૩	૯
(૧૦) યો મામજમનાદિં ચ	૬	૩

❋ પ્રિય વૈષ્ણવબાલ,

નીચે આપેલા શ્રીગોપીનાથજી વિરચિત સાધનદીપિકાના અધૂરા શ્લોક પૂર્ણ કરો, મુખપાઠ કરો અને શ્લોક ક્રમાંક આપો.



ગર્ભાધાનાદિ – .... સમ્ભવૈઃ।
દેહઃ ..... હિ ..... ન .....।।

શ્લોક ક્રમાંક .....

..... શ્રવણં ..... શૃણુયાત્ ..... ।
જાતશિક્ષઃ ..... કીર્તયેદ્ .....।।

શ્લોક ક્રમાંક .....

શમો ..... શૌચં ..... ચ ।
દયા દાનં ચ .....શ્રદ્ધા .....।।

શ્લોક ક્રમાંક .....

..... દષં ..... જપ્તં ..... યચ્ચાત્મનઃ.....।
..... સુતાન્ ..... પ્રાણાન્ ..... નિવેદનમ્ ।।

શ્લોક ક્રમાંક .....

❋ ગતાંકના ઉત્તરો ❋

જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.

શ્લોક	અધ્યાય	શ્લોક સંખ્યા
(૧) તુલ્યનિન્દાસ્તુતિર્મૌની....	૧૨	૧૯
(૨) ત્યાજ્યં દોષવદિત્યેકે....	૧૮	૩
(૩) વિધિહીનમસૃષ્ટાન્નં....	૧૭	૧૩
(૪) ન રૂપમસ્યેહ તથોપલભ્યતે....	૧૫	૩
(૫) સુદુર્દર્શમિદં રૂપં....	૧૧	૫૨
(૬) પવનઃ પવતામસ્મિ....	૧૦	૩૧
(૭) નૈતે સૃતી પાર્થ	૮	૨૭
(૮) ભોક્તારં યજ્ઞ તપસાં	૫	૨૯
(૯) યસ્ત્વિન્દ્રિયાણિ મનસા	૩	૭
(૧૦) સંકરો નરકાયૈવ....	૧	૪૨

❋ કોષ્ટક ઉત્તર ❋

વિ	૨	હિ	ણી	મ	દ્વિ	ની	સ્ફ	ટિ	ક
વ	શ્રી	હી	રા	ગી	તા	ગો	મે	દ	મ્
નિ	વ	સુ	વિ	પ્ર	યો	ગા	ર્તિ	ગ	મા
દ્વિ	ક	દ્વિ	ત્ર	વિ	યો	ગા	નુ	ભ	વ
પો	વિ	૨	હા	તુ	૨	ઘ	પા	ખ	વિ
ખ	ષ્ટ	વિ	યો	ગા	ર્તિ	જ્ઞા	નિ	ક	૨
રા	પ	મ	પ	વિ	પ્ર	યો	ગ	મ	હ
વિ	ક્તા	જ્ઞા	રા	ત	ત્ત	મ	વ	ત્ર	ભા
૨	નિ	વિ	યો	ગ	ક્તા	વ	લી	વિ	વ
હ	દ્વિ	સ્ફ	ટ	વિ	૨	હ	દ	શા	ર્ણ

❋ ગતાંકના સાધનદીપિકા ગ્રંથના શ્લોક ક્રમાંક

(૧) શ્લોક ક્રમાંક-૯૬ (૨) શ્લોક ક્રમાંક-૬૯
(૩) શ્લોક ક્રમાંક-૧૫ (૪) શ્લોક ક્રમાંક-૫૧

પુષ્ટિસંસ્કારધામ

પુષ્ટિસંસ્કારધામનું વેગવંતુ નિર્માણકાર્ય





પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સહયોગીઓની યાદી

૨૧ ઓગષ્ટ ૨૦૨૬ થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી

ક્રમ	નામ	ગામ	જમા રકમ
૧	દિનેશભાઈ જીવરાજભાઈ કનેરીયા	અમદાવાદ	૫,૫૫,૫૫૬
૨	મુકેશભાઈ ગોપાલભાઈ ભલાણી	અમદાવાદ	૩,૬૦,૧૧૧ (૧૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૩	કમલેશકુમાર લક્ષ્મીદાસ પરસાણીયા	અમદાવાદ	૨,૦૦,૦૦૦ (૩૧,૦૦,૦૦૦ સંકલ્પ પેટે)
૪	રામજીભાઈ વાઘજીભાઈ કોરાટ	જુની સાંકળી	૨,૦૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૫	ચંદુભાઈ વલ્લભભાઈ ગરઘરીયા	નાશીક	૧,૫૫,૫૫૫ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૬	અર્જુનકુમાર નરોત્તમભાઈ પાચાણી	ગાંધીનગર	૧,૫૦,૦૦૦ (૫,૮૪,૨૫૨ સંકલ્પ પેટે)
૭	હર્ષલ નરોત્તમભાઈ કાલાવડીયા	સુરત	૧,૧૧,૧૧૧
૮	વિનોદભાઈ વલ્લભભાઈ હીરપરા	શેરગઢ	૧,૧૧,૧૧૧
૯	લક્ષ્મિદાસ થોભણભાઈ સાંગાણી	માણાવદર	૧,૦૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૧૦	હિરેનભાઈ શાંતીલાલ પોપટ	જુનાગઢ	૯૯,૦૦૦
૧૧	રજનીશભાઈ મેઘજીભાઈ ગોઠલીયા	કેશોદ	૯૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૧૨	બાબુભાઈ કડવાભાઈ ભાલીયા	વિછાવડ	૬૧,૧૧૧
૧૩	છગનભાઈ માવજીભાઈ કણસાગરા	રાજકોટ	૫૧,૦૦૦
૧૪	ચિંતનભાઈ હરસુખભાઈ પોપટ	જુનાગઢ	૫૧,૦૦૦
૧૫	આરજુભાઈ વલ્લભભાઈ પરસાણીયા	માણાવદર	૫૧,૦૦૦
૧૬	પ્રકાશભાઈ વિષ્ણુભાઈ કોટડીયા	નાગપુર	૫૧,૦૦૦ (૫,૮૪,૨૫૨ સંકલ્પ પેટે)
૧૭	ચેતનભાઈ વિનોદરાય મસરાણી	સુરત	૫૦,૦૦૦
૧૮	ભરતભાઈ લક્ષ્મીદાસભાઈ પનારા	અમદાવાદ	૫૦,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૯	ધર્મિષ્ઠાબેન જેંતીભાઈ ભુવા	કેશોદ	૩૫,૫૫૫
૨૦	દ્રષ્ટિબેન ગોવિંદભાઈ બુટાણી	અમદાવાદ	૩૦,૫૫૫

૨૧	ગોરધનભાઈ મોહનભાઈ વાવૈયા	જુનાગઢ	૩૦,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૨૨	ગોરધનભાઈ નાનજીભાઈ રાણોલીયા	દાત્રાણા	૩૦,૦૦૦ (૧,૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૨૩	અતુલભાઈ કરશનભાઈ કોરડીયા	માણાવદર	૨૫,૨૮૪
૨૪	લલિતભાઈ જયંતીભાઈ મકવાણા	સુરત	૨૫,૧૧૧
૨૫	કેલ્વીનભાઈ બીપીનભાઈ સરધારા	અમદાવાદ	૨૫,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૨૬	જયસુખભાઈ ભુપતભાઈ અમીપરા	મોણીયા	૨૫,૦૦૦ (૫૧,૦૦૦ સંકલ્પ પેટે)
૨૭	નવનીતભાઈ હંસરાજભાઈ રાખોલીયા	બાબરતીરથ	૨૨,૦૦૦
૨૮	પરષોત્તમભાઈ મેઘજીભાઈ સતાસીયા	બોરીયા	૨૧,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૨૯	કુમનભાઈ હરિભાઈ માવાણી	સરગવાડા	૨૧,૦૦૦
૩૦	કમળાબેન ગોવિંદભાઈ શેરઠીયા	રાજકોટ	૨૦,૦૦૦ (૨,૨૧,૦૦૦ સંકલ્પ પેટે)
૩૧	પ્રેમજીભાઈ પોપટભાઈ કુંભાણી	ખીમપાદર	૨૦,૦૦૦ (૧,૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૩૨	હિતેશભાઈ શામજીભાઈ અમીપરા	મોણીયા	૧૯,૯૦૦
૩૩	ભાવેશભાઈ ઘીરૂભાઈ ગોરસીયા	કુબા	૧૫,૦૦૦
૩૪	નીરજભાઈ કમલેશભાઈ કારીયા	જુનાગઢ	૧૫,૦૦૦
૩૫	છગનભાઈ માધાભાઈ ગોર	સુરત	૧૫,૦૦૦
૩૬	જીતેન્દ્રભાઈ રણછોડભાઈ જારસાણીયા	સુરત	૧૪,૮૦૦
૩૭	લાલજીભાઈ મનજીભાઈ ચોથાણી	મજેવડી	૧૩,૧૧૧
૩૮	પ્રવિણભાઈ કડવાભાઈ કોરાટ	જુની સાંકળી	૧૨,૦૦૦
૩૯	ડાયાભાઈ રૂડાભાઈ મોવલીયા	આરબ ટીંબડી	૧૨,૦૦૦
૪૦	હરસુખભાઈ ગોવિંદભાઈ કોરાટ	ઝાલણસર	૧૧,૩૫૦
૪૧	રસીલાબેન દિનેશભાઈ કક્કડ	કેશોદ	૧૧,૧૧૧
૪૨	અમિતભાઈ વિઠ્ઠલભાઈ સાવલીયા	ભેસાણ	૧૧,૧૧૧ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૪૩	રમેશભાઈ ભુરાભાઈ પટોડીયા	નગડીયા	૧૧,૧૧૧ (૨૨,૧૧૧ સંકલ્પ પેટે)
૪૪	હરસુખભાઈ ખોડાભાઈ ઉંધાડ	ઝાલણસર	૧૧,૧૧૧
૪૫	ભરતભાઈ કેશવજીભાઈ ડેડકીયા	ખડીયા(કાલાણા)	૧૧,૧૧૧
૪૬	યશવંતરાય જમનાદાસ ગોરીયા	કેશોદ	૧૧,૧૧૧
૪૭	જયેશભાઈ ભીખાલાલ ખખ્ખર	વડોદરા	૧૧,૧૧૧
૪૮	ભીખાભાઈ સમજુભાઈ લાખાણી	કુબા	૧૧,૧૧૧
૪૯	રાણાભાઈ ગોવાભાઈ ભાદરકા	વઘાવી	૧૧,૧૧૧
૫૦	યોગેશભાઈ જમનભાઈ રાખોલીયા	સુરત	૧૧,૧૧૧
૫૧	દિલીપભાઈ સવજીભાઈ ડોબરીયા	ઝાલણસર	૧૧,૧૧૧
૫૨	જયેશભાઈ ભીખાભાઈ સાવલીયા	ભેસાણ	૧૧,૧૧૧
૫૩	કાળુભાઈ રણછોડભાઈ ઉસદડ	ભેસાણ	૧૧,૧૧૧
૫૪	ભરતભાઈ ગાંગજીભાઈ ભેસાણીયા	ભેસાણ	૧૧,૧૧૧

૫૫	દિનેશભાઈ કરમશીભાઈ સાવલીયા	ભેસાણ	૧૧,૧૧૧
૫૬	પ્રશાંતભાઈ કિશોરભાઈ વૈષ્ણાણી	રાજકોટ	૧૧,૧૧૧
૫૭	ગોવિંદભાઈ ભાણાભાઈ વિરાણી	પ્રેમપરા	૧૧,૧૧૧
૫૮	લાલજીભાઈ બચુભાઈ સતા	વિસાવદર	૧૧,૧૧૧
૫૯	દિલીપભાઈ મોહનભાઈ બેચરા	કેશોદ	૧૧,૧૧૧
૬૦	વિનુભાઈ છગનભાઈ પડસલા	પીરવડ	૧૧,૧૧૦
૬૧	ચંદ્રિકાબેન હરેશભાઈ બરવાડીયા	જુનાગઢ	૧૧,૦૦૦ (૧,૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૬૨	રીનાબેન મોનીકકુમાર આદ્રોજા	અમદાવાદ	૧૧,૦૦૦
૬૩	રતીભાઈ જીવરાજભાઈ ગરાસીયા	કુબા	૧૧,૦૦૦
૬૪	ગોપાલભાઈ નાનજીભાઈ સોજીત્રા	જુનાગઢ	૧૧,૦૦૦
૬૫	બાબુભાઈ કેશવભાઈ સતાસીયા	મોણીયા	૧૧,૦૦૦ (૨૧,૦૦૦ સંકલ્પ પેટે)
૬૬	જશ્મીનકુમાર મનસુખભાઈ વડારીયા	અજાબ	૧૧,૦૦૦
૬૭	રાકેશભાઈ રામજીભાઈ ખાનપરા	કાલવાણી	૧૧,૦૦૦
૬૮	મહેશભાઈ નરોત્તમભાઈ રીબડીયા	વિસાવદર	૧૧,૦૦૦
૬૯	જીતુભાઈ ઘીરૂભાઈ રીબડીયા	વિસાવદર	૧૧,૦૦૦
૭૦	જીતેન્દ્રભાઈ ઘીરૂભાઈ પડસલા	પીરવડ	૧૦,૧૧૦
૭૧	જાદવજીભાઈ વ્રજલાલ ખુંટ	બોરીયા	૧૦,૦૧૧
૭૨	સંદિપભાઈ લાલજીભાઈ ફળદુ	કેશોદ	૧૦,૦૦૦ (૫૧,૦૦૦ સંકલ્પ પેટે)
૭૩	ગોપાલભાઈ જેઠાલાલ સીમેજીયા	ગોંડલ	૧૦,૦૦૦
૭૪	હરસુખભાઈ રણછોડભાઈ વસોયા	કુબા	૧૦,૦૦૦ (૨૫,૦૦૦ સંકલ્પ પેટે)
૭૫	છગનભાઈ કરમશીભાઈ ભેસાણીયા	ભેસાણ	૧૦,૦૦૦ (૨૫,૦૦૦ સંકલ્પ પેટે)
૭૬	જયસુખભાઈ હરિભાઈ કોરાટ	ઝાલણસર	૧૦,૦૦૦ (૧૨,૧૧૧ સંકલ્પ પેટે)
૭૭	શૈલેષભાઈ મેઘજીભાઈ માલવીયા	પ્રેમપરા	૧૦,૦૦૦
૭૮	વલ્લભભાઈ રાજાભાઈ માલવીયા	પ્રેમપરા	૧૦,૦૦૦
૭૯	અમૃતલાલ લખમણભાઈ કોટડીયા	ઝાલણસર	૯,૯૬૦
૮૦	અરજણભાઈ કેશુભાઈ ઝાલા	વઘાવી	૮,૯૦૦
૮૧	હસમુખભાઈ વિઠ્ઠલભાઈ ગોરસીયા	કુબા	૮,૮૮૯
૮૨	રાધે સત્સંગ મંડળ–પીરવડ	પીરવડ	૮,૦૦૦
૮૩	ગુણવંતરાય જમનાદાસ ગણાત્રા	જુનાગઢ	૭,૧૧૧
૮૪	હરસુખભાઈ શંભુભાઈ વસોયા	કુબા	૭,૦૦૦
૮૫	હાર્દિકભાઈ છગનભાઈ ગોહેલ	અમદાવાદ	૬,૧૭૩
૮૬	દિવ્યેશભાઈ ભગવાનભાઈ વેકરીયા	ભેસાણ	૬,૧૧૧
૮૭	મહિલા સમિતિ – મંડળ	જુનાગઢ	૬,૦૦૩
૮૮	સ્મિત નરેન્દ્રભાઈ સાંગાણી	પ્રેમપરા	૬,૦૦૦

૮૯	રજનીકાંત આર. જુલસણા	મુંબઈ	૬,૦૦૦
૯૦	ધીરૂભાઈ હીરજીભાઈ ઘેટીયા	હૈદરાબાદ	૬,૦૦૦
૯૧	રમાબેન જીવનભાઈ ચોવટીયા	કેશોદ	૫,૧૧૧
૯૨	અશોકભાઈ ઉકાભાઈ કથીરીયા	મોણીયા	૫,૧૧૧
૯૩	રમેશભાઈ આંબાભાઈ અમીપરા	મોણીયા	૫,૦૧૧
૯૪	મનિષભાઈ વિઠ્ઠલભાઈ વસોયા	કુબા	૫,૦૦૦ (૨૫,૦૦૦ સંકલ્પ પેટે)
૯૫	કાળુભાઈ રણછોડભાઈ કોઠીયા	વઘાવી	૫,૦૦૦ (૨૧,૦૦૦ સંકલ્પ પેટે)
૯૬	ભરતભાઈ રમણીકલાલ વસાણી	જુનાગઢ	૫,૦૦૦ (૧૧,૨૨૨ સંકલ્પ પેટે)
૯૭	કાંતીભાઈ પ્રેમજીભાઈ ગુંદણીયા	વઘાવી	૫,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૯૮	જીતેન્દ્રભાઈ બચુભાઈ ઠેસીયા	વઘાવી	૫,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૯૯	પરષોત્તમભાઈ કાનજીભાઈ ઠેસીયા	વઘાવી	૫,૦૦૦
૧૦૦	વિનોદભાઈ ખીમજીભાઈ ઠુંમર	ઝાલણસર	૫,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૦૧	રાજુભાઈ મુળજીભાઈ વઘાસીયા	કુબા	૫,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૦૨	પ્રવિણભાઈ લીલાભાઈ ઠુંમર	વિરપુર શેખવા	૫,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૦૩	બાવનજીભાઈ હંસરાજભાઈ કોરાટ	ઝાલણસર	૪,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૦૪	મગનભાઈ મુળજીભાઈ વઘાસીયા	ચોકી-સોરઠ	૪,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૦૫	ચીમનભાઈ વિઠ્ઠલભાઈ વઘાસીયા	પ્રેમપરા	૪,૦૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૧૦૬	રમણીકભાઈ વ્રજલાલભાઈ ડાવરીયા	કાથરોટા	૩,૯૦૦
૧૦૭	મધુભાઈ હરિભાઈ કથીરીયા	મોણીયા	૩,૦૧૧
૧૦૮	પ્રદિપભાઈ રાજેશભાઈ કોરાટ	ઝાલણસર	૨,૫૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૦૯	કશ્યપકુમાર કાંતીભાઈ ડઢાણીયા	મોવાણા	૨,૦૦૦
૧૧૦	બટુકભાઈ હંસરાજભાઈ કોરાટ	ઝાલણસર	૨,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૧૧	પારસભાઈ રમેશભાઈ બેચરા	જુનાગઢ	૧,૬૫૭
૧૧૨	ચંદુભાઈ જમનભાઈ ગજેરા	ઝાલણસર	૧,૧૦૦
૧૧૩	કલ્યાણજીભાઈ કરમશીભાઈ ચાવડા	બોડકા સ્વામીના	૧,૦૦૦

પ્રવૃત્તિ સમાચાર

પુષ્ટિસંસ્કાર પાઠશાલા – મોટી હવેલી, જુનાગઢ







પુષ્ટિસંસ્કાર પાઠશાલા – નિકોલ, અમદાવાદ







પુષ્ટિસંસ્કાર પાઠશાલા – વસ્ત્રાલ, અમદાવાદ





પુષ્ટિસંસ્કાર સ્કૂલ – ટીંબાવાડી, જૂનાગઢ













શ્રાવણ વદ ૦૪ થી આસો વદ ૦૫

તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
સપ્ટે./૦૧	**શ્રાવણ વદ / ૦૪**	**મંગળવાર**	શ્રીગોવર્ધનેશજીનો ઉત્સવ
૦૨	૦૬	બુધવાર	શ્રીશ્યામમનોહરપ્રભુ ચાંપાસેનીનો પાટોત્સવ
૦૩	૦૭	ગુરૂવાર	શયનમાં છઠ્ઠી ઉત્સવ
૦૪	**૦૮**	**શુક્રવાર**	**જન્માષ્ટમીવ્રત શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવોત્સવ, કૃષ્ણાબ્દ ૫૨૫૨પ્રારંભ**
૦૫	૦૯	શનિવાર	નંદમહોત્સવ
૦૭	૧૧	સોમવાર	એકાદશીવ્રત
૧૧	૩૦	શુક્રવાર	કુશગ્રહણી અમાસ
૧૨	**ભાદરવા સુદ / ૦૧**	શનિવાર	રાધાષ્ટમીની વધાઇ
૧૬	૦૫	બુધવાર	ઋષિપંચમી, દ્વિતીય સ્વરૂપોત્સવ, શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ
૧૯	૦૮	શનિવાર	રાધાષ્ટમી
૨૨	૧૧	મંગળવાર	એકાદશીવ્રત (દાન એકાદશી)
૨૬	૧૫	શનિવાર	સાંઝીનો પ્રારંભ
ઓક્ટો./૦૧	**ભાદરવા વદ / ૦૫**	**ગુરૂવાર**	શ્રીહરિરાય મહાપ્રભુજીનો ઉત્સવ
૦૩	૦૭	શનિવાર	શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (અષ્ટમી ક્ષય હોવાથી આજે)
૦૬	૧૧	મંગળવાર	એકાદશીવ્રત (મહાદાન)
૦૭	૧૨	બુધવાર	શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ
૦૮	૧૩	ગુરૂવાર	શ્રીગુસાંઇજીના તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીનો ઉત્સવ
૧૦	૩૦	શનિવાર	સાંઝી સમાપ્તિ - કોટની આરતી
૧૧	**આસો સુદ / ૦૧**	**રવિવાર**	નવરાત્ર પ્રારંભ - અંકુરારોપણ
૧૨	૦૨	સોમવાર	શ્રીચંદ્રપ્રભાભાભીજી મહારાજનો ઉત્સવ
૨૦	૦૯	મંગળવાર	વિજયાદશમી-દશેરા-જવારા ભોગ સંધ્યામાં
૨૨	૧૧	ગુરૂવાર	એકાદશીવ્રત
૨૪	૧૩	શનિવાર	શ્રીરઘુનાથલાલજીનો ઉત્સવ
૨૫	૧૪	રવિવાર	શરદપૂર્ણિમા - રાસોત્સવ
૩૦	**આસો વદ / ૦૫**	**શુક્રવાર**	શ્રીવ્રજવલ્લભજીનો ઉત્સવ

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - September 2026, JUNAGADH - 362001
Posted on 1st of every month (RMS - Junagadh)

R.N.I. No. GUJGUJ/2010/34004
Postal Reg No.JND/304/2025-2027 (Valid up to 31-12-2027)
Total Page : 36 Price ₹ 20

IF NOT DELIVERED PLEASE RETURN TO

SHREE PUSHTI SANSKAR SANSTHAN

MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA

Owner : SHREE PUSHTI SANSKAR SANSTHAN

Printer, Publisher : Jayendrakumar Bhimjibhai Tanna

Editor : Vimal Mahedrabhai Bhatt

Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037

Published at Pusti Sankar Karyalaya, Moti Haveli, Nr. Panch Hatadi Chowk, Junagadh